પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૦૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૮-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## નિરજ ચોપરાએ ભાલાફેક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને દેશને એથલેટીકની વૈશ્વીક કક્ષામાં પ્રથમ સુવર્ણ ચંદ્રક અપાવ્યો

બુડાપેસ્ટ,

દેશ એક તરફ ચંદ્રયાન-૩ની સફળતાને હજું રોમાંચભરી ક્ષણોથી યાદ કરી રહ્યો છે તે જ સમયે વિશ્વ એથલેટીક સ્પર્ધામાં ઓલીમ્પીક-ગોલ્ડન-બોય નિરજ ચોપરાએ ભાલાફેક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને દેશને એથલેટીકની વૈશ્વીક કક્ષામાં પ્રથમ સુવર્ણ ચંદ્રક અપાવ્યો છે. સૌથી રસપ્રદ રીતે નિરજ ચોપરાએ બુગપેસ્ટમાં વિશ્વના અન્ય શ્રેષ્ઠ ખેલાડીઓની સાથે પાકિસ્તાનના અરશદ નદીમ પરાજીત કરીને નંબર વન સ્થાન હાંસલ કર્યુ હતું.

નિરજ ચોપરાએ ભારતીય સમય મુજબ મધરાત બાદ ભાલાફેક સ્પર્ધામાં બીજા પ્રયાસમાં ૮૮.૧૭ મીટરનું અંતર તેના ફેવરીટ ભાલાને કપાવીને આ રેકોર્ડ બનાવ્યો હતો. પ્રથમ પ્રયાસમાં નિરજ ચોપરા ફાઉલ થતા ભારતની છાવણીમાં ચિંતા થતી તેનો ભાલો ૮૪.૩૮ મીટર પર પહોંચ્યો અને તે ૧૨માં ક્રમે ધકેલાયો પણ બીજા જ પ્રયાસમાં તેમ ૮૮.૧૭ મીટરનો શ્રેષ્ઠ સ્કોર બનાવ્યો જયારે પાકના અરશદે ૮૨.૮૧ મીટરનો સ્કોર કર્યો પણ નિરજના ૮૮.૧૭ મીટરના સ્કોરને



તોડી શકયો ન હતો.

નિરજ ચોપરાના આ શ્રેષ્ઠ પ્રદર્શન સાથે ૨૦૨૪ના પેરીસ ઓલીમ્પીકમાં પણ તેનું સ્થાન નિશ્ચીત કરી દીધુ છે. નિરજ ચોપરાએ વિશ્વનો ત્રીજો ભાલાફેંક ખેલાડી છે. જેણે વર્લ્ડ એથલેટીક તથા ઓલીમ્પીક બન્નેમાં ગોલ્ડ મેળવ્યા હોય. અગાઉ ભારતને શુટર અભિનવ બિન્દ્રાએ ૨૦૦૮માં બિજીંગ ઓલીમ્પીકમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. નિરજે આ સત્રમાં તેની તમામ ત્રણ સ્પર્ધાઓ જીતી છે. વર્લ્ડ એથ્લેટીક ચેમ્પીયન થીમ જીતી અને તે પુર્વ ડાયમંડ લીગમાં વિજેતા બન્યો હતો અને તેણે ૨૦૨૨-૨૩ના વર્ષમાં તેના પાંચ શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યા છે.

વર્લ્ડ એથલેટીકસ ચેમ્પીયનશીપમાં મેડલ જીતનાર ભારતીયો જોઈએ તો બ્રોન્ઝ -- અંજુ બોબી જોર્જ -- ૨૦૦૩ પેરીસ -- વિમેન્સ લોન્ગ જમ્પ,સિલ્વર -- નીરજ ચોપડા -- ૨૦૨૨ યુઝીન -- મેન્સ જેવલિન થ્રો,ગોલ્ડ -- નીરજ ચોપડા -- ૨૦૨૩ બુડાપેસ્ટ -- મેન્સ જેવલિન થ્રો જયારે નીરજ ચોપરાની સિદ્ધિઓ જોઈએ તો ટોકયો ઓલિમ્પીક ૨૦૨૦ - ગોલ્ડ,વર્લ્ડ એથલેટીકસ ચેમ્પીયનશીપ ૨૦૨૨ - સિલ્વર,ડાયમંડ લીગ ૨૦૨૨ - ગોલ્ડ,એશિયન ગેમ્સ ૨૦૧૮ - ગોલ્ડ,કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૮ - ગોલ્ડ,એશિયન ચેમ્પીયનશીપ ૨૦૧૭- ગોલ્ડ નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીત્યો છે. નીરજ ચોપરાએ પહેલો થ્રો જરુર ફાઉલ કર્યો હતો, પરંતુ બીજા થ્રોમાં તેમણે ૮૮.૧૭ મીટર દૂર ભાલો ફેંકીને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો. આખી મેચમાં આનાથી આગળ કોઈ એથ્લેટ ભાલો ફેંકી શક્યા નથી.

આ ચેમ્પિયનશિપ હંગરીના બુડાપેસ્ટ યોજાઈ હતી. મેન્સ જેવલિન થ્રો ઈવેન્ટની ફાઈનલ મેચ રમાઈ હતી. આ ચેમ્પિયનશિપમાં પાકિસ્તાનના અરશદ નદીમ બીજા નંબર પર રહ્યા. તેમણે ત્રીજા થ્રોમાં બ્રેસ્ટ થ્રો કર્યો હતો.

વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ટ્રેક એન્ડ ફિલ્ડ કેટેગરીમાં ભારત માટે આ પહેલો ગોલ્ડ છે. નીરજ ચોપરા આ કેટેગરીમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે. આ પહેલા અંજુ બોબી જ્યોર્જે ૨૦૦૩માં લોન્ગ જમ્પમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે નીરજ ચોપરાએ ૨૦૨૨ની ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

આ પહેલા વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં અમેરિકામાં યોજાઈ હતી, જેમાં નીરજ ચોપરાએ સિલ્વર મેડલ જીત્યો હતો અને તેઓ આ વખતે અહીં ગોલ્ડના દાવેદારોમાંથી એક હતા. તેમણે દમદાર પ્રદર્શન કર્યુ અને આ વખતે ગોલ્ડ મેડલ જીત્યો. આ સાથે નીરજ ચોપરાએ ઓલિમ્પિક અને વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ બંનેમાં ગોલ્ડ જીતનાર ભારતીય દિગ્ગજ શૂટર અભિનવ બિન્દ્રાના ઐતિહાસિક રેકોર્ડની બરાબરી કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને લખ્યું, પ્રતિભાશાળી નીરજ ચોપરાએ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. તેમનું સમર્પણ, ચોકસાઈ અને જુસ્સો તેમને માત્ર એક મહાન રમતવીર ચેમ્પિયન જ નહીં પરંતુ સમગ્ર રમતગમતની જગ્યામાં શ્રેષ્ઠતાનું પ્રતીક પણ બનાવે છે. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતવા બદલ અભિનંદન.મોદીએ ટવીટ કરીને પ્રતિભાશાળી નિરજ ચોપરાએ તેની શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે તેમને આ માટે અભિનંદન આપુ છું. મોદીએ લખ્યું કે તેમનું સમર્પણ ચોકકસતા અને જૂનુનથી તમો ફકત એન્ડ એથલેટીક ચેમ્પીયન બન્યા નથી પણ પુરા ખેલજગત માટે શ્રેષ્ઠ ઉદારણ પણ પુરુ પાડયુ છે. નિરજ ચોપડા ભારતીય સેનાનો અધિકારી છે અને સૈન્યએ પણ તેના પ્રદર્શન પર ગૌરવ દર્શાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પણ ટ્વીટ કરીને લખ્યું ભારતીય એથ્લેટિક્સના ગોલ્ડન બોયએ બુડાપેસ્ટમાં વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની ભાલા ફેંકમાં જીત મેળવી. સમગ્ર દેશને તમારી સિદ્ધિઓ પર ગર્વ છે અને આ ક્ષણ ભારતીય રમતગમતના ઈતિહાસમાં હંમેશા માટે યાદ કરવામાં આવશે.

પેરીસ ઓલીમ્પીકમાં એથલેટ ક્ષેત્રમાં દેશને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યા બાદ નિરજ ચોપરાએ હવે વિશ્વ ઓલીમ્પીક સ્પર્ધામાં પણ ગોલ્ડ જીતીને અત્યાર સુધી એથલેટમાં ભારતની 'પીપુડી' વાગતી નથી તે માન્યતાને પણ ખોટી ઠેરવી છે. નીરજ ચોપડાએ ગોલ્ડ મેડલ જીત્યો છે. આ દરમિયાન કેમેરામેન માટે પોઝ આપતી વખતે તેણે કંઈક એવું કર્યુ જેણે આખી દુનિયાનું દિલ જીતી લીધું છે.પાકિસ્તાનનો અરશદ નદીમ બીજા ક્રમે રહ્યો હતો. નીરજ અને અરશદની મિત્રતા જાણીતી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે.

આ વીડિયો મેચ પછીનો છે જ્યારે ફોટો સેશન દરમિયાન નીરજ ચોપડાઅને પાકિસ્તાનના એથલીટ અરશદ નદીમને બોલાવે છે. અરશદે બીજા સ્થાને રહીને સિલ્વર મેડલ જીત્યો હતો અને બ્રોન્ઝ મેડલ ચેક રિપબ્લિકના યાકુબ વેલેશના નામે હતો. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે નીરજ અને યાકુબ પોતપોતાના દેશના ધ્વજ સાથે ફોટો ક્લિક કરવા માટે તૈયાર છે, જ્યારે નીરજની નજર દૂર ઉભેલા અરશદ નદીમ પર પડે છે અને તે તેને ફોટો ક્લિક કરવા માટે બોલાવે છે. અરશદ પણ દોડતો આવે છે અને નીરજ પાસે ઉભો રહે છે. પરંતુ આ દરમિયાન તે પોતાના દેશનો ધ્વજ લાવવાનું ભૂલી જાય છે. વર્લ્ડ ચેમ્પિયન નીરજ ભારતના ત્રિરંગા સાથે એથ્લેટને સપોર્ટ કરતો જોવા મળે છે.

સોશિયલ મીડિયા પર આ તસવીરોના વખાણ થઈ રહ્યા છે. બુડાપેસ્ટમાં આયોજિત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતનાર નીરજ ગર્વથી ભારતીય તિરંગો પકડેલો જોવા મળ્યો હતો. સાથે જ સિલ્વર મેડલ જીતનાર નદીમે તેના ભારતીય ખેલાડી સાથેની અદ્ભુત ક્ષણ શેર કરી હતી. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે સવાલ કર્યો કે કેમ તે કેમેરા સામે પોઝ આપતી વખતે પાકિસ્તાની ધ્વજ કેમ નથી પકડી રહ્યો? એક યુઝરે લખ્યું - શું પાકિસ્તાન માટે સિલ્વર મેડલ જીતનાર અરશદ નદીમને પાકિસ્તાની ધ્વજ આપનાર કોઈ ન હતું? બીજી તરફ, એક યુઝરે લખ્યું- અખંડ ભારત.

## કાશી વિશ્વનાથમાં ભક્તોની ૪ કિમી લાંબી લાઇન : શ્રાવણના સોમવારે ૪ લાખ ભક્તોએ દર્શન કર્યા

વારાણસી,

શ્રાવણના છેલ્લા સોમવારે કાશી વિશ્વનાથ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું.મંદિરની બહાર ૪ કિ.મી. ભક્તોની લાંબી લાઈનો લાગી હતી ૪ લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા હતા. સમગ્ર ચોમાસા દરમિયાન ૧.૫ કરોડ ભક્તો કાશી વિશ્વનાથ પહોંચ્યા હતા. અહીં ગયા ચોમાસા કરતાં આંકડો ૫૦ લાખ વધુ છે. જો કે ૧૯ વર્ષ બાદ આ વખતે અધિક મહિનાના કારણે શ્રાવણમાં ૮ સોમવાર છે.

દેશભરમાંથી શ્રદ્ધાળુઓ ગઈકાલે રાત્રે જ કાશી પહોંચી ગયા હતા. રેલવે સ્ટેશનથી કોરિડોરની આસપાસ માત્ર ભીડ હતી. રાત્રે જ ગંગામાં સ્નાન કર્યા બાદ શ્રદ્ધાળુઓ દર્શન માટે લાઈનમાં ઊભા રહેવા લાગ્યા હતા. સવારે ૪ વાગ્યાથી બાબાનાં દર્શન શરૂ થઈ ગયા હતા.



મંદિર પ્રશાસનના જણાવ્યા અનુસાર ૪ લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા છે.

કાશી વિશ્વનાથમાં ભક્તોની ભીડને કારણે ફૂલોનું જબરદસ્ત વેચાણ થઈ રહ્યું છે. વારાણસી માલદહિયાના ફૂલ વેપારી મનોજ કુમારે જણાવ્યું કે સોમવારે શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં સવારથી ૯ વાગ્યા સુધી ૧૦ લાખના ફૂલોનું વેચાણ થયું હતું. સાથે જ રવિવારનો પણ ઉમેરો કરીએ તો જથ્થાબંધ બજારમાંથી ૮૦ લાખ રૂપિયાનાં ફૂલોનું વેચાણ થયું છે. મનોજે જણાવ્યું કે આ વર્ષે શ્રાવણ દરમિયાન કુલ રૂ.૫ કરોડના ફૂલોનો બિઝનેસ થયો છે.

કાશીમાં ગંગાઘાટ દશાશ્વમેધથી ગોદૌલિયા, ચોક, મૈદગીન અને વિશ્વનાથ સંકુલ સુધીના રસ્તાઓ ભક્તોથી ભરેલા થઈ ગયા હતાં મંદિર તરફ જતી હવામાં ફૂલો, દૂધ, બીલીપત્ર અને ધૂપની સુગંધ ફેલાઈ ગઈ હતી મંદિરના ગર્ભગૃહમાં બહારથી ટેબ્લોનાં દર્શન ચાલુ રાખવામાં આવ્યા હતાં અને એકસાથે ૮-૯ ભકતો બાબાના જલાભિષેક કર્યો હતો બીજી તરફ, રસ્તાઓ પર લાંબી કતારોમાં ઊભેલા ભક્તો ખૂબ જ લયબદ્ધ રીતે હર હર મહાદેવ અને હર હર શંભુના નારા લગાવ્યા હતાં બાબાને રુદ્રાક્ષનો શણગાર કરવામાં આવ્યા હતાં. જ્યોતિર્લિંગને ૧ લાખ રુદ્રાક્ષની માળાથી શણગારવામાં આવી હતી માતા પાર્વતીની ફરતી મૂર્તિઓને રુદ્રાક્ષ શણગાર પણ કરવામાં આવશે. સોમવારે સમગ્ર વારાણસીમાં મંદિર તરફ જતા માર્ગો પર રૂટ ડાયવર્ઝન સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી રૂટ ડાયવર્ઝન દિવસ અને રાત્રિ દરમિયાન અમલમાં રહી હતી મંગળવારે સવારે ૮ કલાકે ડાયવર્ઝન દૂર કરવામાં આવશે.

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૬મી AGM

## નીતા અંબાણીએ બોર્ડમાંથી રાજીનામું આપ્યું, આકાશ, અનંત અને ઈશા પર નવી જવાબદારી

મુંબઇ,

રિલાયન્સની ૪૬મી એજીએમમાં કંપનીએ બોર્ડમાં મોટા ફેરફારોની જાહેરાત કરી છે. નીતા અંબાણીએ કંપનીના બોર્ડમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. તે જ સમયે, કંપનીએ કહ્યું કે આજે બોર્ડ મીટિંગમાં આ ફેરફારને મંજૂરી આપવામાં આવી છે. બોર્ડમાં થયેલા આ ફેરફાર અંગે કંપનીએ એકસચેન્જોને માહિતી આપી હતી કે આકાશ અંબાણી, અનંત અંબાણી અને ઈશા અંબાણીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડમાં નોન-એક્ઝિક્યુટિવ ડિરેકટર્સની નિમણૂક માટે મંજૂરી આપવામાં આવી છે. આ સાથે બોર્ડે નીતા અંબાણીના રાજીનામાનો પણ સ્વીકાર કરી લીધો છે. નીતા અંબાણીએ રિલાયન્સ ફાઉન્ડેશનને વધુ સમય આપવા માટે આરઆઈએલના બોર્ડમાંથી રાજીનામું



આપવાનો નિર્ણય કર્યો છે.

૪૬મી એજીએમને સંબોધતા મુકેશ અંબાણીએ કહ્યું કે ૧૫મી ઓગસ્ટે અમે આપણો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો. વડા પ્રધાને તેમના ભાષણમાં કહ્યું હતું તેમ, આ ભારત અટકતું નથી, થાકતું નથી, હાંફતું નથી. આ ભારતને રોકી શકાય નહીં. ચંદ્રયાન-૩ની સફળતા પણ આપણને એ જ કહે છે. ભવિષ્યમાં ભારત શું હાંસલ કરી શકે છે તેની શક્યતાઓ અમર્યાદિત છે. અમે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૫૦ બિલિયનનું રોકાણ કર્યું છે. પ્રોજેક્ટ્સ ગમે તેટલા મોટા કે જટિલ હોય, અમે તેને વૈશ્વિક ધોરણો સાથે પોસાય તેવા ખર્ચે સમય પહેલા પૂર્ણ કર્યા છે. સમય આવી ગયો છે કે વેપારી સમુદાય સાથે મળીને કામ કરે જેથી સાથે મળીને આપણે ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત-સમૃદ્ધ ભારત બનાવી શકીએ.

રિલાયન્સની આવક ૯.૭૪ લાખ કરોડ રહી છે. ચોખ્ખો નફો ૭૩ હજાર કરોડ થયો છે. નિકાસ રૂ. ૩.૪ લાખ કરોડ રહી છે. અમે તિજોરીમાં ટેક્સ તરીકે રૂ. ૧,૭૭,૧૭૩ કરોડનું યોગદાન આપ્યું છે. ૨.૬ લાખ નવી નોકરીઓનું સર્જન થયું છે. અમારા ઓન રોલ કર્મચારીઓ ૩.૯ લાખ છે.૪૬મી એજીએમને સંબોધતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વડા મુકેશ અંબાણીએ કહ્યું કે નવું ભારત આત્મવિશ્વાસથી ભરેલું છે. તેમણે કહ્યું કે જી-૨૦નું ભારતીય પ્રમુખપદ ઐતિહાસિક છે. ૪૬મી એજીએમ પહેલા, રિલાયન્સ રિટેલે જાહેર કર્યું કે કતાર ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી તેના રિટેલ ડિવિઝનમાં લગભગ ૧ ટકા હિસ્સો હસ્તગત કરવા માટે તૈયાર છે. આ ટ્રાન્ઝેકશન દેશના અગ્રણી રિટેલ સમૂહનું બજાર મૂલ્ય $100 બિલિયન સુધી લઈ જશે. અંબાણીના રિટેલ એન્ટરપ્રાઈઝનું મૂલ્યાંકન પાસ થયું

## ગુજરાતીઓને ચોમાસામાં ઉનાળાનો અનુભવ થશે

અમદાવાદ,

હવામાન વિભાગની આગાહી અનુસાર ઓગામી ચોવીસ કલાકમાં રાજ્યમાં સામાન્ય વરસાદ પડે તેવી સંભાવના છે. આ સાથે જ હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડે તેવી આગાહી વ્યક્ત કરી છે. સુરત, વલસાડ, નવસારી, તાપી અને ડાંગમાં હળવો વરસાદ પડી શકે છે. જયારે આગામી ૫ દિવસમાં અમુક શહેરોમાં છૂટોછવાયો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ રહે તેવી સંભાવના છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શક્યતા નહિવત છે. તો રાજ્યમાં ભેજના કારણે છુટોછવાયો હળવો વરસાદ રહી શકે છે. તો આ સાથે જ ગુજરાતના લોકો ગરમી માટે તૈયાર રહેવુ પડે તેવી સ્થિતિ છે. ગરમી અંગે હવામાન વિભાગે આગાહી કરી છે. આગામી એક સપ્તાહમાં ૨થી ૩ ડિગ્રી તાપમાન વધે તેવી સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ભરુચ, ગાંધીનગર, જુનાગઢ, મોરબી, રાજકોટ, સાબરકાંઠા, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૦ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. આ ઉપરાંત પોરબંદર, નર્મદા, મહીસાગર, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા સહિતના જિલ્લાઓમાં ૩૨ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. તો ડાંગ, પાટણમાં ૩૫ જિલ્લાઓમાં ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. તેમજ સુરેન્દ્રનગર, તાપી, ગીરસોમનાથ સહિતના જિલ્લાઓમાં ૨૯ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. તો આ તરફ અમરેલી, બનાસકાંઠા, ભાવનગર, દાહોદ, મહેસાણા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં ૩૧ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે.

### ગોધરા નગરપાલિકા
### ઓનલાઈન ટેન્ડર નિવિદા-૧૧ સને-૨૦૨૩-૨૪

આથી તમામ એજન્સી/કોન્ટ્રાકટર વિ. ને ગોધરા શહેર માં સી.સી.રોડ અને પેવર બ્લોક બનાવવાના કામ માટે રૂ.૧.૫૧ થી ૨.૦૨ લાખ ના ૦૪ કામો માટેના ઓનલાઈન ટેન્ડર www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડરો તા.૨૯/૦૮/૨૦૨૩ થી તા.૧૨/૦૯/૨૦૨૩ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી/કોન્ટ્રાકટરે ટેકનીકલ બીડ તા.૧૫/૦૯/૨૦૨૩ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આરપીએડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. કામોનું સ્થળ નિરક્ષણ કરી ટેન્ડર ભરવાના રહેશે. તમામ ટેન્ડરો રદ બાતલ કરવાનો હકક નસરપાલિકાને અબાધિત રહેશે.


તા.૨૮/૦૮/૨૦૨૩

(આર. એચ. પટેલ)
મુખ્ય અધિકારી
ગોધરા નગરપાલિકા

(સંજય સી. સોની)
પ્રમુખ
નગરપાલિકા ગોધરા

માહિતી/ગોધરા/૪૨૩/૨૦૨૩

## સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં કુલ ૮૨ કરોડ રુપિયાની વીજચોરી ઝડપાઈ



રાજકોટ,

ગુજરાતના ઘણા જિલ્લામાં માથાભારે તત્વો મોટાપાયે વીજચોરી કરતા હોય છે. ભાવનગર, જામનગર, અમરેલી અને દેવભૂમિદ્વારકામાંથી છાશવારે વીજ ચોરી ઝડપાતી હોય છે. સૌરાષ્ટ્રમાં વીજચોરોને પીજીવીસીએલએ ઝટકો આપ્યો છે. વ્યાપક વીજચોરીનો ખુલાસો થતા પીજીવીસીએલની ટીમોએ પોલીસ બંદોબસ્ત સાથે સૌરાષ્ટ્રના વિવિધ શહેરમાં સપાટો બોલાવ્યો હતો. સૌરાષ્ટ્રના ત્યારે પીજીવીસીએલ અને જૂનાગઢ પોલીસના ૩ ડિવિઝનના જવાનોની ૧૦થી વધુ ટીમેએ કુખ્યાત તત્વોના ઘરે ચેકિંગ હાથ ધર્યું હતુ. આ કાર્યવાહી દરમિયાન PGVCLએ ૨૧ જેટલા ગેરકાયદે વીજ કનેક્શન થકી લાખો રૂપિયાની થતી વીજ ચોરી ઝડપી પાડી છે.

પીજીવીસીએલ ની ટીમો દ્વારા લિસ્ટેડ બુટલેગર, નાસતા-ફરતા ગુનેગારો અને હિસ્ટ્રીશીટર ગુનેગારો પર સકંજો કસાયો હતો. કેટલાક વિસ્તારો અત્યંત ગીચ હોવાથી ડ્રોન કેમેરાની મદદ લેવામાં આવી હતી. ડ્રોન કેમેરાની મદદથી મળેલા વિઝ્યુઅલ્સના આધારે પણ કેટલાક ગેરકાયદે વીજ કનેક્શન મળી આવ્યા હતા.

ગુજરાતની ચારેય વીજકંપનીઓમાં પીજીવીસીએલમાં સૌથી વધારે ૧૬ ટકા વીજ લોસ છે. જેને લઈ પીજીવીસીએલ દ્વારા સમયાંતરે વીજચોરો સામે કડક ઝૂંબેશ શરૂ કરવામાં આવે છે. આ ઉપરાંત વીજ ચોરીમાં સામેલ લોકોને આકરો દંડ પણ ફટકારવામાં આવે છે. છેલ્લા ૪ મહિનામાં સૌરાષ્ટ્રના વિવિધ સર્કલમાંથી ૮૨ કરોડ રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ છે. જેમાં ભાવનગરમાં સૌથી વધારે ૧૫ કરોડની વીજ ચોરી પકડાઈ છે. તો રાજકોટ શહેર અને ગ્રામ્યમાંથી મળીને વીજ ચોરીનો આંકડો ૧૪ કરોડને પાર થઈ જાય છે. તો સુરેન્દ્રનગરમાંથી ૯ કરોડ, જૂનાગઢ અને પોરબંદરથી ૬-૬ કરોડની વીજ ચોરી પકડાઈ. જ્યારે મોરબી અને અમરેલી જિલ્લામાં ૫-૫ કરોડની વીજ ચોરી ઝડપાઈ છે.

## જવાહરલાલ નેહરુ માત્ર મોટી વાતો કરતા ન હતા, તેઓ મોટા નિર્ણયો પણ લેતા હતા : કોંગ્રેસ

નવીદિલ્હી,

કોંગ્રેસે ઈસરોની સ્થાપના માટે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના યોગદાનની પ્રશંસા કરી છે. કોંગ્રેસનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી ભારતના અંતરિક્ષ કાર્યક્રમમાં નેહરુ અને કોંગ્રેસના અન્ય વડાપ્રધાનોના યોગદાનને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શબ્દ યુદ્ધ ચાલી રહ્યું છે. જ્યારે વિપક્ષી પાર્ટીઓ તેમના નેતાઓના પ્રયાસોને ઉજાગર કરવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે શાસક પક્ષનો દાવો છે કે ૨૦૧૪ પછી આ ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઈ છે.

કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે પણ આ મુદ્દે ટ્વીટ કર્યું છે. તેમણે કહ્યું કે નેહરુ વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપતા હતા. જે લોકો ઈસરોની સ્થાપનામાં તેમના યોગદાનને પચાવી શકતા નથી તેઓએ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચના સ્થાપના દિવસે તેમનું ભાષણ સાંભળવું જોઈએ. જયરામ રમેશે જવાહરલાલ નેહરુના તે ભાષણનો વીડિયો પણ ટ્વીટ કર્યો છે. તેમણે વધુમાં કહ્યું કે નેહરુ માત્ર મોટી મોટી વાતો કરતા ન હતા પરંતુ તેઓ મોટા નિર્ણયો પણ લેતા હતા.

તમને જણાવી દઈએ કે ચંદ્ર પર ચંદ્રયાન-૩ની સફળતા બાદ કોંગ્રેસે કહ્યું હતું કે આ દરેક ભારતીયની સામૂહિક સફળતા છે અને ઈસરોની સિદ્ધિ સાતત્યની ગાથા દર્શાવે છે જે ખરેખર અદભૂત છે. કોંગ્રેસે કહ્યું છે કે ૧૯૬૨માં ઈન્ડિયન સ્પેસરની રચના સાથે ભારતની અવકાશ યાત્રા શરૂ થઈ હતી, જે હોમી ભાભા અને વિક્રમ સારાભાઈની દૂરંદેશી તેમજ દેશના પ્રથમ વડાપ્રધાન નેહરુના સમર્થનનું પરિણામ હતું. આ પછી ઓગસ્ટ ૧૯૬૯માં સારાભાઈએ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરી.

## ચક્રપાણીની વિચિત્ર માંગ, ચંદ્રને હિન્દુ રાર્ષ્ટ્ર જાહેર કરો

નવીદિલ્હી,

ચંદ્રયાન ૩ ની ભૂમિ ચદ્રં પરથી વિક્રમ દરરોજ નવા અપડેટસ મોકલી રહ્યું છે. ઈસરોની આ સફળતા પર દરેક ભારતીયને ગર્વ છે. પીએમ મોદીએ તેના સફળ લેન્ડિંગ બાદ લેન્ડિંગ પોઈન્ટને શિવ શકિત પોઈન્ટ તરીકે પણ જાહેર કયુ છે. હવે આ અંગે અખિલ ભારતીય હિંદુ મહાસભા અને સતં મહાસભાના પ્રમુખ સ્વામી ચક્રપાણી મહારાજની ઉગ્ર માંગણી સામે આવી છે. ચંદ્રયાન ૩ના ચદ્રં પર ઉતર્યા બાદ ચદ્રં પરના સ્વામી ચક્રપાણીએ એક વિચિત્ર માંગણી કરી છે. તેમણે કહ્યું કે સંસદે ચંદ્રને હિંદુ સનાતન રાર્ષ્ટ્ર જાહેર કરવું જોઈએ અને ચંદ્રયાન ૩ ની લેન્ડિંગ સાઈટ, જે શિવ શકિત પોઈન્ટ તરીકે ઓળખાય છે, તેને આ રાર્ષ્ટ્રની રાજધાની બનાવવી જોઈએ. ચક્રપાણીએ કહ્યું કે ચંદ્રયાન ૩ ચદ્રં પર પહોંચ્યા બાદ હવે ત્યાં ભારતનો અધિકાર છે. તેમણે કહ્યું કે કોઈપણ જેહાદી ત્યાં પહોંચીને જેહાદ કરે, ઉગ્રવાદ ફેલાવે, આતકં ફેલાવે તે પહેલા આપણે ચંદ્રને હિન્દુ સનાતન રાર્ષ્ટ્ર જાહેર કરી દેવો જોઈએ. સ્વામીએ કહ્યું કે આપણે એ સુનિશ્ચિત કરવા પગલાં લેવા પડશે કે આતંકવાદીઓ ચદ્રં પર ન આવે અને તે શુદ્ધ રહે. તેમણે કહ્યું કે સનાતમ ધર્મમાં ચંદ્રનું ઘણું સન્માન છે અને તેના વિવિધ સ્વપોનો આપણા શાક્રોમાં પણ ઉલ્લેખ છે, તેથી સરકારે સંસદમાં પ્રસ્તાવ લાવવો જોઈએ.

## નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર નવિન ભટ્ટે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો, પોલીસે ધરપકડ કરી

વડોદરા,

વડોદરામાં નિવૃત્ત ડેપ્યુટી કલેકટરે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો છે. જેને લઈને માંજલપુર પોલીસે અકસ્માત સર્જનાર છોટાઉદેપુરમાંથી ડેપ્યુટી કલેકટર પદેથી નિવૃત્ત થયેલા નવિન ભટ્ટની ધરપકડ કરી છે. વડોદરામાં નિવૃત ડેપ્યુટી કલેક્ટરે સનસિટી સર્કલ નજીક રોંગ સાઈડમાં કાર ચલાવી સામેથી આવતી અન્ય કાર સાથે અકસ્માત સર્જ્યો હતો. જો કે સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી.

અકસ્માતને પગલે લોકોના ટોળાં એકત્ર થયા હતા. જે પછી ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે કાર ચાલક નવિન ભટ્ટની તપાસ કરતા તે નશાની હાલતમાં મળ્યો હતો. જે પછી પોલીસે નવીન ભટ્ટનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતુ. છોટાઉદેપુરમાંથી જાન્યુઆરીમાં ડેપ્યુટી કલેકટર પદેથી નિવૃત્ત થયેલા નવીન ભટ્ટ માંજલપુરની ચંદ્રલોક સોસાયટીમાં રહે છે. હાલ પોલીસે સમગ્ર મામલે ગુનો દાખલ કરી કાર કબ્જે કરી છે.

# મુનપુર કોલેજના વિદ્યાર્થીઓની નદીનાથ મહાદેવ ઘોડિયાર ખાતે "પ્રકૃતિ શિબિર" યોજવામાં આવી



મુનપુર, તા.૨૮/૦૮/૨૦૨૩ ને સોમવારના રોજ અત્રેની કોલેજના આદરણીય આચાર્ય ડો. એમ. કે. મહેતાની પ્રેરણા અને માર્ગદર્શનથી કોલેજમાં કાર્યરત NSS યુનિટ અને ECO CLUB અંતર્ગત લીલી વનરાજીની વચ્ચે બિરાજમાન નદીનાથ મહાદેવ પરિસર ખાતે "પ્રકૃતિ શિબિર" યોજવામાં આવી. આ શિબિર અંતર્ગત વિદ્યાર્થીઓને આસપાસના અરણ્યમાં અસ્તિત્વ ધરાવતા વૃક્ષો અને વિવિધ વનસ્પતિઓનો તેના ઉપયોગો સાથે વિશેષ પરિચય કરાવવામાં આવ્યો.

આ શિબિરમાં આયુર્વેદના અભ્યાસુ અને જાણકાર એવા ગણપતભાઈ પારેખની વિશેષ ઉપસ્થિતિ રહી. તેઓએ વિદ્યાર્થીઓને વિવિધ વૃક્ષો, લતાઓ અને વનસ્પતિઓના જુદા જુદા ઔષધીય ગુણો અને તેનો રોજિંદા જીવનમાં કેવી રીતે ઉપયોગ કરી શકાય એ અંગે રોચક જાણકાર આપી. ગણપતભાઈ પારેખે જે તે વૃક્ષ, છોડ કે વનસ્પતિઓનું પ્રત્યક્ષ નિદર્શન કરાવીને તેના ઔષધીય ગુણો અંગે જાણકારી આપીને વિશેષ પરિચય કરાવ્યો. જેવા કે બિલી, જામ્બુ, કેળ, આંબાનો મોર, કુવાડીઓ, અરડૂસી, તુલસી, ફુદીનો, નીલગિરી, અઘેડો, પીપળો, વડ, આમળી, શિકાકાઈ, આંબલી, ડોળી, સાટોળી (પુનર્નવા), લીમડાની ગળો, કુંવરપાઠું, કોંઠી, સરગવો, મહુડો વગેરે જેવા વૃક્ષો અને જુદી જુદી વનસ્પતિઓના ઔષધીય ઉપયોગો કયા કયા રોગોમાં થઈ શકે એ અંગે અત્યંત મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરૂં પાડ્યું.

કાર્યક્રમના અંતમાં અત્રેની કોલેજના વિદ્યાર્થી હિતેચ્છું આચાર્ય ડો. એમ.કે.મહેતાએ આ વિસ્તારને પ્રકૃતિની વિરાસત ગણાવતા વિદ્યાર્થીઓને પોતાની આસપાસ વિવિધ ઔષધીય ગુણો ધરાવતા વૃક્ષો, છોડવાઓ અને લતાઓ ઉછેરવા આહવાન કર્યું. તેઓએ કહ્યું કે, જો આપણે પ્રકૃતિની નિશ્રામાં રહીશું તો સ્વસ્થ અને મસ્ત રહી શકીશું. પ્રકૃતિનું પાલન, પોષણ અને રક્ષણ કરવાના હેતુસર આદરણીય મહેતા` દરેક વિદ્યાર્થીને પોતાના જન્મદિને પોતાના ઘરે કે ખેતરોમાં પ-પ વૃક્ષો ઉછેરવા અને તેની માવજત કરવાની પ્રતિજ્ઞા પણ લેવડાવી. આ શિબિરમાં કોલેજના હિન્દી વિભાગના અધ્યાપક ડો. સુશીલા વ્યાસ વિશેષ હજાર રહ્યા હતા.

કાર્યક્રમના અંતમાં સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો. હિતેષભાઈ કુબાવતે માર્ગદર્શક વકતા ગણપતભાઈ પારેખનો સંસ્થા પરિવાર વતીથી આભાર માન્યો.

આ સમગ્ર શિબિરનું સુચારૂં અને સુંદર સંયોજન અને સંકલન કોલેજના આચાર્ય એમ. કે. મહેતા ના માર્ગદર્શનથી NSSના પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે.એલ.ખાંટ અને ECO CLUB ના કોઓર્ડિનેટર ડો. પરેશ પારેખે કર્યું.

આ શિબિરમાં ગજ્જ અને ઊઈઘ ઈક્રઈ ના કુલ ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાઈને પ્રત્યક્ષ લાભ લીધો.

# ખાનપુર વન વિભાગ દ્વારા કેમ્પા વળતર વનીકરણ યોજના હેઠળ સ્થાનિક લોકોને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી



મહીસાગર, મહીસાગર વન વિભાગના ખાનપુર રેંજના લંભો અનામત જંગલ વિસ્તાર જે અરવલ્લી જીલ્લો તેમજ રાજસ્થાન રાજ્યની સરહદે આવેલ છે. આ અનામત જંગલ નાયબ વન સરક્ષક એન.વી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ખાનપુર વન વિભાગ દ્વારા કેમ્પા વળતર વનીકરણ યોજના વર્ષ ૨૦૨૩ -૨૪ હેઠળ ૫૫ હેકટર જેટલા વિશાળ વિસ્તારમાં લેવામાં આવેલ છે.

જે વાવેતર પ્લોટની કામગીરીથી સ્થાનિક લોકોને રોજગારી સારી એવિ તકો પૂરી પાડવામાં આવી રહી છે . તેમજ વિવિધ જળ સચયના કામો દ્વારા સ્થાનિક ગામ લોકોમાં બોર કૂવાઓમાં જળ સ્તરમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત મહીસાગર વન વિભાગ દ્વારા પ્લોટમાં રોપા વાવેતર, કેજ્યુલીટી, પ્રથમ ગોડવીડિંગ કામગીરી કરવામાં આવી જેમાં ગામ લોકો તેમજ સહભાગી વન વ્યવસ્થા મંડળી લંભો તેમજ વન વિભાગના સહિયારા સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યું.

ખાનપુર રેન્જ ફોરેસ્ટ ઓફિસર ડી વી સોલંકીના નેતૃત્વ હેઠળ તેમજ રેંજના સ્ટાફ દ્વારા ગામ લોકોએ કરેલ વાવેતરથી જંગલ વધુ વિકસિત તેમજ હરિયાળું બને તે હેતુથી ગ્રામજન, સરપંચ, સહભાગી મંડળીના પ્રમુખ સાથે વાતચીત કરી આ પ્લોટ વધુ સફળ બનાવવા અનુરોધ કર્યો. ભવિષ્યમાં વાવેતર પ્લોટમાં ફળાઉ રોપા, ઘાસચારો બળતર તથા ગૌણવન પેદાશથી ગામ લોકોની આજીવિકામાં સુધારો આવે તેવા સફળ પ્રયત્નો વનવિભાગ કરી રહ્યું છે.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સાહિત્ય અને સમાજ વિષય પર વ્યાખ્યાન



સંતરામપુર, તારીખ ૨૮/૮/૨૦૨૩ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર, હિન્દી વિભાગ દ્વારા 'સાહિત્ય ઔર સમાજ' વિષય પર વિશેષ વ્યાખ્યાનનંવ આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય દ્વારા ઉપસ્થિત વક્તાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ડો. કોકીલાબેન ખાંટ ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્ય, સમાજ, સંસ્કૃતિ, રીત રિવાજો, રૂઢિ ચુસ્ત માન્યતાઓ, સમાજમાં સંકુચિત માનસિકતા, સ્ત્રીનો દરજ્જો, શિક્ષણનું મહત્વ, સ્ત્રી સ્વાતંત્ર્ય અંગે પોતાના ધારદાર વિચારો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો .વિનોદ વણકર દ્વારા કરવામાં આવ્યું. આભાર વિધિ હિન્દી વિભાગાધ્યક્ષ ડો. ઈશ્વરસિંહ રાઠવા દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉત્સાહ અને ઉમંગની સાથે જોડાયા હતા.

# વડદલા ગ્રામ પંચાયત ના વણકર સમાજ એ થયેલા અન્યાય બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆત



બાલાસીનોર, બાલાસિનોરના વડદલા ગ્રામ પંચાયતના તત્કાલીન તલાટી દ્વારા વણકર ફળિયાનીઆગળ સંરક્ષણ દિવાલ તોડી પાડવા તથા ગામના રસ્તા થી વણકર ફળિયામાં જતો રસ્તાપર ઉકરડાનો મોટો ખાડો હોવાના કારણે ફળિયામાં વાહન જઈ શક્તું નથી અને વર્ષો જૂનો સ્મશાનમાં જવાનો રસ્તો પણ બંધ થઈ ગયેલ છે. જેને લઈને વણકર સમાજને અન્યાય થતાં વડદલા ગ્રામ પંચાયતને અનેકવાર રજુઆતો કરવા છતાં ગ્રામ પંચાયતના તત્કાલીન તલાટી કે વહીવટદાર દ્વારા કોઈજ જવાબ આપ્યો નથી. જયારે ગ્રામ જનો દ્વારા પ્રાંત અધિકારી મામલતદાર તાલુકા વિકાસ અધિકારી જીલ્લા વિકાસ અધિકારી નેલેખીત જાણ કરવા છતાં આ બાબતે કોઈજ કાર્યવાહી કરવા માં આવેલ નથી.

આ બાબતે તાલુકા વિકાસ અધિકારીને ટેલિફનીક સંપર્ક થી પૂછતાં આ બાબતે વડદલા ગ્રામ પંચાયતના તલાટીને આ પ્રશ્નો નોંનીકાલ કરવા બાબતે સૂચના આપેલ છે, તેમ જણાવ્યું હતું તો શું ? આ વણકર સમાજ એ ત્રણ મહિના થી રજુઆત કરવા છતાં કોઈજ કાર્યવાહી કરી નથી. તો હવે આ સમાજને ન્યાય મળશે કે કેમ તે જોવું રહ્યું.

# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓની વરણી



સંતરામપુર, વિદ્યાર્થી યુનિયનના પ્રતિનિધિઓની વરણી. વર્ષ ૨૦૨૩/૨૪ માટે કોલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓની મેરીટના આધારે વરણી કરવામાં આવી. સેમેસ્ટર ૧ માટે ધોરણ ૧૨ ના પરિણામને આધારે, સેમેસ્ટર ૩ માટે સેમેસ્ટર ૨ના પરિણામને આધારે તેમજ સેમેસ્ટર ૫ માટે સેમેસ્ટર ૪ ના પરિણામ ના આધારે વિદ્યાર્થી પ્રતિનિધિઓની પસંદગી કરવામાં આવી હતી. સેમેસ્ટર પાંચ માંથી સૌથી વધારે માર્ક્સ મેળવનાર ડામોર રાઘવ બાબુભાઈની જનરલ સેક્રેટરી (GS)તરીકે પસંદગી કરવામાં આવી. લબાના સત્યમ નહેરૂભાઈને મદદનીશ જીએસ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીની પ્રતિનિધી(LR) તરીકે સેમેસ્ટર ચારમાં સૌથી વધારે માર્ક્સ ધરાવનાર માખીજા પ્રિયાબેન દિલીપભાઈની વરણી કરવામાં આવી, તેમજ ડેપ્યુટી એલઆર તરીકે ભોઈ હેતલબેન અરવિંદભાઈની વરણી કરવામાં આવી. આ સાથે ત્રણેય સેમેસ્ટરના દરેક વિષયના કલાસ રીપ્રેજન્ટેટિવ (સી.આર)ની પણ પસંદગી કરવામાં આવી હતી. પ્રિન્સીપાલ ડો. અભય પરમારે પસંદગી પામેલ વિદ્યાર્થીઓને ફુલહાર પહેરાવી અભિનંદન આપ્યા હતા. તેમજ વિદ્યાર્થી યુનિયન કમિટીના સભ્યો સર્વ ડોકટર શંકરભાઈ પ્રજાપતિ, ડો માલીની ગૌતમ, ડો.અમૃત ઠાકોર તેમજ ડોક્ટર કામિની દશોરાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ આજના દિવસને આનંદ ઉત્સવથી વધાવ્યો હતો. કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિનિધિઓને ખભે બેસાડીને ટીમલી નૃત્ય કર્યુ હતું અને ઉત્સવ મનાવ્યો હતો. કોલેજ કેમ્પસ પુષ્પો અને ગુલાલના રંગોથી રંગાઈ ગયું હતું.

# લીમડીમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું : સોના ચાંદીના દાગીના મળી અડધા લાખની માલમત્તા પર હાથફેરો

દાહોદ, દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરના ગેલોત ફળિયામાં ગત મોડી રાતે ત્રાટકેલા તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી ઘરના દરવાજાનો નકુચો કાપીને તાળુ તોડી ઘરમાં પ્રવેશી તિજોરીનું તાળુ તોડી તિજોરી માંથી સોનાના દાગીના તથા બાર બોરની બંદુક તેમજ પાચ જેટલા જીવતા કારતુસ મળી રૂા.૫૬,૫૦૦ની મત્તા ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે.

હાલ ગાંધીનગર જીલ્લાની રાંધેની ચોકડી, પાસે માણસે રોડ પર આવેલ સ્પર્શ કાઉન્ટી બંગલોઝમાં રહેતા અને ઝાલોદ તાલુકાના લીમડી ગામના મૂળ વતની ૫૬ વર્ષીય લક્ષ્મણભાઈ ધુળાભાઈ ગેલોતના લીમડી નગરમાં ગેલોત ફળિયામા આવેલ બંધ મકાનને તસ્કરોએ ગતમોડી રાતના બે વાગ્યાના સુમારે નિશાન બનાવ્યું હતું અને બંધ મકાનના દરવાજાનો નકુચો કાપીને તાળુ તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરમાં મૂકેલ તિજોરીનું તાળું તોડી તિજોરીમાંથી રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતની આશરે અડધા તોલા વજનની દશેક વર્ષ જુની સોનાની ઝુમકી જોડ-૧, રૂપિયા ૫૦૦૦ની કિંમતની આશરે ત્રણ ગ્રામ વજનની સોનાની વીંટી નંગ-૧ તથા ઘરમાં મૂકેલ રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતની લાયસન્સ નંબર-૨૪૪/ડીએમ/ડોડા તા. ૧૬-૯-૨૦૦૮વાળી બાર બોરની બંદુક તથા રૂપિયા ૧૫૦૦ની કુલ કિંમતના પાંચ રાઉન્ડ કારતુસ મળી કુલ રૂપિયા ૫૬,૫૦૦ની મત્તા ચોરીને લઈ ગયા હતા.

આ સંબંધે ઘરધણી લક્ષ્મણભાઈ ધુળાભાઈ ગેલોતે નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગસ્કવોર્ડ તથા એફએસએલની મદદની માંગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : સ્વાસ્થ્ય આજે સામાન્ય રહેશે. દિવસના પહેલા ભાગમાં ઘણાં કામો તમારી સામે એક સાથે અટકી જશે. શક્ય હોય ત્યાં સુધી તમારા માટે આ મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું તમારા માટે વધુ સારું રહેશે.

વૃષભ : આજે પરિવારના સભ્યો અથવા બાળકોના વર્તનથી દુઃખી થઈ શકે છે. પત્ની અથવા ગર્લફ્રેન્ડનું વર્તન પણ તમને નારાજ કરી શકે છે. દિવસના બીજા ભાગમાં તમારે નહીં ઈચ્છતા કંઈક એવું કામ કરવું પડશે જે અન્ય લોકો માટે અસ્વસ્થ હશે.

મિથુન : આજે નોકરી-ધંધામાં કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય, તમારે હજી પણ કોઈ કાર્ય શરૂ કરવામાં વધુ સમય લાગી શકે છે. જે તમને પરેશાન પણ કરી શકે છે, પરંતુ યાદ રાખો કે જ્યારે પણ સમસ્યાઓ વધુ હોય તેનો અર્થ એ કે તે ટૂંક સમયમાં સમાપ્ત થવાની છે.

કર્ક : વ્યવસાયમાં આજે ઉચ્ચ અધિકારીઓનો પૂરો સહયોગ મળશે. જો તમે આજે નોકરીમાં છો તો કદાચ કોઈ કારણસર તમે આજે કોઈ દલીલમાં પડી શકો. આવી સ્થિતિમાં વાણી ઉપર સંયમ રાખવાની જરૂર છે, નહીં તો અનિશ્ચિતતાને કારણે માનસિક તણાવની પરિસ્થિતિઓ આવી શકે છે.

સિંહ : તમામ કાર્યો સમયસર પૂર્ણ કરવા માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ. જો કે કાર્યસ્થળમાં કેટલાંક સાથીઓ તમારા માટે નવી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. પરંતુ તમારી સમજ અને મહેનતથી તમને આમાં રાહત મળશે.

કન્યા : આજે સારો દિવસ રહેશે. ક્ષેત્રમાં પણ દરેકનો સહયોગ મળશે. જો તમે શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા છો તો આજનો દિવસ તમારા માટે શુભ દિવસ બની શકે છે.

તુલા : ઘણાં દિવસોથી નાના કામમાં બગડતાં આશ્ચર્ય થશે. પરંતુ આજે તમારા કામમાં સુધારો થઈ શકે છે. કોઈપણ બિનજરૂરી ભય અથવા આશંકાને લીધે તમારું મન ચિંતામાં રહે છે.

વૃશ્ચિક : સવારથી જ સમય થોડો પ્રતિકૂળ રહેશે. આ સિવાય કાર્યસ્થળમાં કેટલાંક પરિવર્તન આવી શકે છે જે તમારો મૂડ અસ્વસ્થ કરી શકે છે. પણ ધૈર્ય રાખો. સાંજ સુધીમાં પરિસ્થિતિઓ તમારા માટે સારી હોઈ શકે છે.


ધનુ : જેઓ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે તેમણે તેમની તૈયારીની સમીક્ષા એકવાર કરવી જોઈએ. બીજી બાજુ, જો તમે તમારા વ્યવસાય અથવા વ્યવસાયથી સંબંધિત કોઈ ડીલ અથવા લેખન કરવા માગતા હોવ તો પછી તેને દિવસ દરમિયાન જ પૂર્ણ કરો. આ તમારા માટે શ્રેષ્ઠ સમય છે.

મકર : વેપારની સ્થિતિમાં પણ સુધારો જોવા મળશે. કોઈ વરિષ્ઠ અધિકારીના ટેકાથી તમે નોકરીમાં મજબૂત પકડ ધરાવો છો. તેથી વિરોધીઓ અને ટીકાકારો તમને નુકસાન પહોંચાડશે નહીં. રાત્રે પત્નીની તબિયત લથડી શકે છે.

કુંભ : આજે ક્ષેત્રમાં તેમની મહેનત માટે પ્રશંસા થશે, પરંતુ તે જ સમયે તમારા શત્રુઓમાં વધારો થશે. આ કિસ્સામાં તમારે બિલકુલ ચિંતા કરવાની જરૂર નથી. તમારે ફક્ત તમારા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

મીન : આજે આવક કરતા વધારે ખર્ચા કરશે. ધ્યાનમાં રાખો કે આવી સ્થિતિમાં સંતુલન રાખવાની જરૂર છે, નહીં તો જરૂર પડે ત્યારે પૈસાની કટોકટી સર્જાઈ શકે છે.

# સંતરામપુરના ગોઠિબ ગામે બોરમાંથી ઈલેકટ્રીક મોટર ચોરી કરતા ઈસમને ગ્રામજનોએ ઝડપ્યો



સંતરામપુર, સંતરામપુર તાલુકાના ગોઠિબ ગામે બોરમાંથી મોટરની કાઢતી ગેંગ સાથે ચોરી કરવા આવેલ એક સાગરિતને ગ્રામજનોએ ઝડપી લઈ પોલીસના હવાલે કર્યો હતો.

ગોઠિબ ગામે રહેતા જી.આર.ડી.જવાન ગોઠિબ આઉટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રિ સમયે ફરજ પર હતા. તેઓ તેમની ફરજ પુર્ણ કરી વહેલી સવારે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વાડામાંથી અવાજ આવતા તેઓ તપાસ કરવા જતા ત્યાં વાડામાં આવેલા બોરમાં ફીટ કરેલી ઈલેકટ્રીક મોટરનુ વાયરીંગ કોઈ શખ્સ છુટુ કરી રહ્યો હોવાનુ જણાતા તેમણે બુમાબુમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. અને બોર મોટરની ચોરી કરી રહેલા શખ્સને ઝડપી લઈ સંતરામપુર પોલીસના હવાલે કર્યો હતો. જેની પુછપરછમાં તેણે પોતાનુ નામ ડામોર વિનોદભાઈ માનસિંગભાઈ જણાવ્યુ હતુ. તેમજ આ ચોરીમાં તેમની ગેંગ સામેલ હોવાનુ જણાવ્યુ હતુ.

# સંતરામપુરના ચિતવાના સરપંચ ઉપર ચાર ઈસમો દ્વારા હુમલો કરાયો ફરિયાદ છતાં આરોપીને પકડવામાં પોલીસની સુસ્તી

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ચિવા ગામેના સરપંચ સુરેન્દ્રભાઈ નાથાભાઈ ડામોર ઉપર હુમલો કરનાર ચાર આરોપી ઈસમોએ કહ્યું હતું કે, તારા ભત્રીજા પ્રવિણ રાજેશભાઈ અમારી સાથે બોલાચાલી કરેલ છે. તેમ કહી સરપંચને ગાળો આપી ગડદાપાટુનો મારમારતાં સરપંચ જમીન ઉપર પડી ગયા હતા. સરપંચ ઉપર આરોપી ઈસમોએ હુમલો કરતાં આજુબાજુવાળા લોકો દોડી આવ્યા હતા અને આ બાબતે પોલીસને જાણ કરાઈ હતી. આરોપીના હુમલામાં સરપંચને ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે સંતરામપુર પોલીસ મથકે ચાર આરોપી ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી હોવા છતાં આ ઈસમોની ધરપકડ નહી કરી પોલીસ છાવરતી હોવાના લોકોમાં ચર્ચાઓ ચાલી રહી છે.



સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની ભગોરા ફળિયા પ્રાથમિક શાળા ખાતે તા. ૨૮/૮/૨૦૨૩ના સોમવારના રોજ ભારતીય સંસ્કૃતિ મુજબ રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.

# મહિસાગરના ૬ તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે દાવેદારોમાં દોડધામ

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણીની અઢી વર્ષની સમયકાળ પુર્ણ થવાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ચુંટણી પંચના નિયમ મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫ વર્ષ દરમિયાન ૨ પ્રમુખ બનતા હોય છે. જેમાં પ્રથમ અઢી વર્ષ માટે અને ત્યારપછીના અઢી વર્ષ માટે પ્રમુખ બનતા હોય તે બાબતે નિયમ હોય છે. જે મુજબ જિલ્લા અને તાલુકા પંચાયત માટે પ્રમુખપદ માટેની સીટ કેટેગરી ત્યારે અઢી વર્ષ પુર્ણ થતાં આવનાર સપ્ટેમ્બરના પ્રમુખની ચુંટણી આવતા સરકાર દ્વારા અનામત વાઈઝ મહિસાગર જિલ્લાની ૬ સીટો જાહેર થતાં જે તે વર્ગના ઉમેદવારો દ્વારા પ્રમુખ પદ મેળવવા માટે તેમના ગોડફાધરોના સંપર્ક શરૂ કરી દેવાયા છે. જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા અને વિરપુર તાલુકા પંચાયતના પ્રમુખ માટે જનરલ સામાન્ય, ખાનપુર માટે જનરલ મહિલા, બાલાસિનોર માટે એસ.સી. મહિલા, કડાણા માટે એસ.ટી. અને સંતરામપુર એસ.ટી. મહિલા જાહેર કરી હતી.

# વિદેશી દારૂની હેરફેરમાં સામેલ બુટલેગરો સામે પોલીસ કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ

## દે.બારિયા પોલીસે બે સ્થળેથી ૬૩ હજાર ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો : મહિલા બુટલેગર સહિત ત્રણ સામે ગુનો દાખલ

દાહોદ, દેવગઢ બારિયા તાલુકાના સીમળઘાસી તેમજ ઝાબ મળી બે સ્થળેથી પોલીસે દરોડો પાડી ૬૩,૦૦૦ ઉપરાંતનો વિદેશી દારૂનો મુદ્દામાલ કબજે કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ બે બુટલેગરો તેમજ એક ખેપિયા સહીત ત્રણ ઈસમો સામે પ્રોહિબિશન અંગેનો ગુનો દાખલ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારિયા તાલુકાના ઝાબ ગામના વચલા વચલા ફળિયામાં ગીતાબેન રમેશભાઈ પટેલ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતી હોવાની બાતમીના આધારે દેવગઢબારિયા પોલીસે દરોડો પાડતા મહિલા બુટલેગર ગીતાબેન પટેલ સહિત ઘરે કોઈ હાજર ન મળતા પોલીસે મકાનની તલાસી લેતા તલાસી દરમિયાન જુદા જુદા માર્કાની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૬૨ બોટલ મળી કુલ ૨૮,૯૪૪ રૂપિયાનો મુદ્દામાલ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી મહિલા બુટલેગર ગીતાબેન રમેશભાઈ પટેલ વિરૂદ્ધ પ્રોહીબિશન અંગેનો ગુનો દાખલ કર્યો છે.

પ્રોહિનો બીજો બનાવ દેવગઢબારિયા તાલુકાના સિમળઘાસી ટેકરી ફળિયા ખાતે બનવા પામ્યું છે. જેમાં ટેકરી ફળિયાનો બુટલેગર નરવતભાઈ શંકરભાઈ બારીયા વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની જાણ સાગટાળા પોલીસને મળતા સાગટાળા પોલીસે બાતમીના આધારે દરોડો પાડતા દરોડા દરમિયાન ઉપરોક્ત મકાનમાં કોઈ હાજર ન મળતા પોલીસે મકાન સહિત આજુબાજુમાં તલાસી લેતા બુટલેગર નરવતભાઈ શંકરભાઈ બારીયાના ઘરની પાછળ ખેતરમાં મકાઈના ઉભા પાકમાં મકાઈની રાડની આડમાં સંતાડી રાખેલ ભારતીય બનાવટ નો વિદેશી દારૂની ૩૨૦ બોટલો મળી કુલ ૩૪,૫૫૨ રૂપિયાનો મુદ્દામાલ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગર નરવતભાઈ શંકરભાઈ બારીયા તેમજ કોઈક વાહનમાં વિદેશી દારૂ લાવનાર છોટાઉદેપુર તાલુકાના મીઠીબોર ગામનો વિનોદ ભુંદર રાઠવા વિરૂદ્ધ પ્રોહિબિશન અંગેનો ગુનો દાખલ કર્યો છે.

આમ, દેવગઢ બારીયા પોલીસે બાતમીના આધારે બે જુદાજુદા સ્થળે દરોડો પાડી ૬૩,૦૦૦ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી પ્રોહીબિશનની પ્રવૃત્તિમાં સંકળાયેલા એક મહિલા સહિત ત્રણ ઈસમો સામે ગુનો દાખલ કર્યો છે.

# મુવાલીયા ફાર્મ દાહોદ ખાતે આણંદ કૃષિ યુનિવર્સીટી હસ્તકની પોલિટેકનીક કોલેજોનો પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો

દાહોદ,

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની જુદી જુદી પોલિટેકનિકના વર્ષ ૨૦૨૨ -૨૩ દરમ્યાન ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓના સાતમા પ્રમાણપત્ર વિતરણ સમારોહ રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની પ્રેરક ઉપસ્થીતીમાં તેમજ આણંદ કૃષિ યુનીવર્સીટીનાં કુલપતિ ડો. કે. બી. કથીરીયા ના અધ્યક્ષતામાં કૃષિ ઈજનેરી પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ ખાતે યોજાયો.

આ પ્રસંગે રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડએ જણાવ્યુ હતું કે, આજના ડીજીટલ યુગમાં યુવાનો ટેકનોલોજી, ઈન્ટરનેટ તથા વિવિધ ડીજીટલ માધ્યમો દ્વારા વૈશ્વિક કક્ષાએ જોડાઇને કારકિર્દી સહિત સમાજ ઉપયોગી ફરજો અદા કરી રહ્યા છે. જેના ખૂબ જ સારા પરિણામો આવનાર સમયમાં આપણને મળશે અને દેશના વિકાસમાં એક નવું સોપાન ઉમેરાશે એવો મને દ્રઢ વિશ્વાસ છે. એક સુદ્રઢ અને આદર્શ રાષ્ટ્રના નિર્માણમાં યુવાઓ પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકે છે યુવાઓ વિચારોનો સંપૂટ છે. જો યુવાઓને યોગ્ય દિશા અને માર્ગદર્શન મળે તો આદર્શ રાષ્ટ્રના નિર્માણમાં હકારાત્મક, કાંતિકારી પરિવર્તન લાવી શકે તેમ છે.

તેમણે વધુમાં જણાવ્યુ કે, હાલમાં ભારત દેશ G-20 ની અધ્યક્ષતા કરી રહ્યું છે. તે અંતર્ગત જુદા જુદા રાજ્યોમાં વસુધૈવ કુટુંબકમની થીમ હેઠળ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં G-20નાં સભ્યદેશોનાં પ્રતિનીધીઓ ભાગ લઈ રહ્યા છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગુજરાત રાજ્યમાં પણ G-20 ની અનેક મિટિંગ અને કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવેલ છે. હાલમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદી માટે બલિદાન આપનાર શહીદોને સન્માન આપવા તેમજ તેઓને યાદ કરવા ગામે-ગામ મેરી મીટ્ટી-મેરા દેશ કાર્યક્રમ જાહેર કરેલ છે. જે અંતર્ગત દેશના દરેક ગામમાં તથા શહેરમાં દેશની આઝાદીની ચળવળમાં ભાગ લેનાર શહીદ વિરોને શ્રદ્ધાંજલિ આપવા તેમજ તેઓના નામની ખાંભી ઉભી કરવાનો કાર્યક્રમ શરૂ કરેલ છે.

તેમણે જણાવ્યું કે, ખેડૂતો માટે પ્રધાનમંત્રી પાક વીમા યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના, પરંપરાગત કૃષિ વિકાસ યોજના અને સોઈલ હેલ્થ કાર્ડ જેવી ઘણી બધી યોજનાઓ શરૂ કરીને ખેડૂતોની ખાસ ચિંતા સરકાર કરી રહી છે.

આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદના કુલપતિ, ડો.કે.બી. કથીરીયા એ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને આશિર્વચન આપતા જણાવેલ કે દિનપ્રતિ દિન નવી નવી ટેકનોલોજી વિકસિત થતી જાય છે. તેને જોતા વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ તેમના અભ્યાસની સાથે કૌશલ્ય વિકસિત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે તે ખુબજ જરૂરી છે. તેઓએ વધુમાં જણાવ્યું કે રાષ્ટ્રીય સ્તરે આ કૃષિ અને તેને સંલગ્ન પોલિટેકનીક અભ્યાસક્રમોના મોડેલની નોધ પણ લેવાય છે. વધુમાં તેમને જણાવ્યું કે દાહોદ જીલ્લાના ખેડૂતોના હિતને ધ્યાને લઇ આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અનુરૂપ કૃષિ અને તેને સલગ્ન વિષયો પર નવી ટેકનોલોજી પણ આણંદ કૃષિ યુનીવર્સીટી દ્વારા વિકસાવવામાં આવેલ છે. વધુમાં તેઓએ યુનિવર્સીટીની વિવિધ સિદ્ધિઓની માહિતી આપતા જણાવેલ કે યુનિવર્સીટી દ્વારા અનેક નવીન સંશોધનો હાથ ધરવામાં આવી રહેલ છે. ખાસ કરીને આણંદ કૃષિ યુનિવર્સીટીએ નેનો ફર્ટિલાઈઝર, પ્રાકૃતિક ખેતી, ટીસ્યુકલ્ચર, વગેરે નવીન આયમો ઉપર ખૂબ સારા સંશોધનો કરવામાં આવી રહેલ છે.

પ્રમાણપત્ર વિતરણ સમારોહની સાથે સાથે દાહોદ જીલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતાં ૩૧ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ઉત્પાદન કરવામાં આવતા વિવિધ પ્રાકૃતિક ખેત પેદાશોનો નિદર્શન પણ યોજવામાં આવેલ હતું. ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા મુવાલીયા કેમ્પસ ખાતે સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર હસ્તક સ્થાપવામાં આવેલ પ્રાકૃતિક કૃષિ હેઠળના વિવિધ જીવંત એકમો જેવા કે જીવામૃત, ઘન જીવામૃત, અગ્નીઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, ડેરી યુનિટ, બકારાપાલન, મરઘાંપાલન, વિગેરે એકમોની મુલાકાત લીધેલ હતી તેમજ મંત્રી દ્વારા આણંદ કૃષિ યુનીવર્સીટીનાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરીની પ્રસંશા કરી હતી. મંત્રી અને કુલપતિ દ્વારા યુનિવર્સિટીના કેન્દ્રો દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર માટે કરવામાં આવી રહેલ પ્રયત્નોની બિરદાવવામાં આવેલ તેમજ દાહોદ જીલ્લાના વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડાવા માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક, ડો.એમ.કે.ઝાલા, વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો.એચ.બી. પટેલ, નિયામક, વિદ્યાર્થી કલ્યાણ, ડો. ડી.એચ. પટેલ; કુલસચિવ, ડો.જી.આર. પટેલ, વિવિધ વિદ્યાશાખાના અધ્યક્ષ અને આચાર્યઓ, પ્રાદ્યાપકગણ, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, તજજ્ઞો, પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર વિવિધ પોલીટેકનીકના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુરા તાલુકાના ગરાડુ થી ઘાણીખુટ જતા માર્ગ ઉપર હપ્તા ઉઘરાણી માટે વાહન ચાલકોને પરેશાન કરતો સ્થાનિક ઈસમ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકના ગામડાઓમાં એસ.ટી નિગમ અને તેમના વહીવટદારો પાંગળા પુરવાર થયા છે. ત્યાં મુસાફર જનતાને અવર-જવર કરવા માટે એકમાત્ર ખાનગી વાહનો છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી દરરોજ અભ્યાસ કરવા અવરજવર કરતા વિદ્યાર્થીઓ સહિત કામ અર્થે આવ-જા કરતા હજારો મુસાફરો ખાનગી વાહનોનો સહારો લઈ રહ્યા છે. સુખસર વિસ્તારના ગામડાઓને મુસાફરી માટે ખાનગી વાહનો આશીર્વાદ સમાન થઈ રહ્યા છે.અને તે સિવાય કોઈ વિકલ્પ પણ રહ્યો નથી. તેવા સમયે સુખસર પંથકમાં આવેલ ગરાડુ થી કાળીયા થઈ ઘાણીખુટ જતા માર્ગ ઉપર મુસાફર જનતા ખાનગી વાહનો દ્વારા અવર-જવર કરી રહી છે. ત્યારે એક સ્થાનિક વ્યક્તિ દ્વારા વાહન ચાલકો પાસે દૈનિક હપ્તો ઉઘરાવવાની કોશિશ કરતા તેની ૨૫ જેટલા વાહન ચાલકોએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ઘાટાવાડા, મોટી ઢઢેલી, કાળીયા,માનાવાળા બોરીદા,નાના-મોટા બોરીદા વિગેરે ગામડાઓમાં જવા માટે દ્વિમાર્ગીય માર્ગની નવીનીકરણ કામગીરી એક વર્ષથી થઈ ચૂકેલી છે. જોકે આ માર્ગ ઉપર એસ.ટી બસોની સુવિધા માટે અનેક વાર જાહેર રજૂઆતો પણ થઈ ચૂકેલી છે. તેમ છતાં કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલા એસ.ટી તંત્રના જવાબદારો ઊંઘમાંથી જાગવા તૈયાર નથી. ત્યારે આ માર્ગ ઉપર અવર-જવર કરવા માટે મુસાફર જનતા હાલ રીક્ષા, અતુલ રેકડા તેમજ લોડીંગ વાહનોમાં મુસાફરી કરી રહી છે.ત્યારે તેનો ગેરલાભ ઉઠાવવા ઉપરોક્ત ગામડા પૈકી ઘાટાવાડા ગામનો ઈસમ આ ખાનગી વાહનચાલકો સાથે મારામારી કરી,ધાક જમાવી આ ખાનગી વાહનચાલકોને વાહન દીઠ દૈનિક રૂપિયા ૫૦ લેખે હપ્તાની ઉઘરાણી કરી રહ્યો છે.

ત્યારે ગેરકાયદેસર હપ્તો નહીં આપવા ઉશ્કેરાયેલા ૨૫ જેટલા ખાનગી વાહન ચાલકોએ સુખસર પોલીસ સ્ટેશનમાં આજરોજ લેખિત ફરિયાદ આપતા જણાવ્યું હતું કે, કાળિયાના ઘાટાવાડાનો વતની લાલા પુનાભાઈ મછાર અમો વાહન ચાલકોને જણાવે છે કે,તમો ઘાટાવાડા થી ઘાણીખુટ રસ્તા ઉપર તમારા વાહનો ચલાવવા હોય તો વાહન દીઠ દરરોજ મને ૫૦ રૂપિયા હપ્તો આપવો પડશે નહીં તો હું આ રોડ ઉપર તમારા વાહનો ચલાવવા દઈશ નહીં.તમારે હપ્તો આપવો ના હોય તો આ રસ્તા ઉપરથી તમો વાહનો બંધ કરી દો તેમ જણાવી કેટલાક વાહન ચાલકો સાથે મારામારી પણ કરી ચૂક્યો છે.અને કેટલાક વાહન ચાલકો ઉપર ફરિયાદો પણ આપી ચૂકેલો છે.આ વ્યક્તિ વાહન ચાલકોને છેલ્લા ત્રણેક માસથી સતત હેરાન કરી રહ્યો હોવાનું પણ વાહન ચાલકો જણાવી રહ્યા છે.

અત્રે નોંધનીય બાબત છે કે, ઘાટાવાડા થી કાળીયા થઈ ઘાણીખુટ સુધી જતા માર્ગ ઉપરના ખાનગી વાહન ચાલકો પાસે એક સ્થાનિક વ્યક્તિ દ્વારા ગેરકાયદેસર હપ્તાની ઉઘરાણી કરવા બાબતે વાહન ચાલકોએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતા પોલીસે "હવે પછી કાંઈ થાય તો જોઈ લઈશું"નું જણાવી વાહન ચાલકોને ન્યાય અપાવવાના બદલે આરોપીને છાવરવા ના ઈરાદાથી સમજાવીને કાઢી મુક્યા હોવાની ચર્ચા વાહન ચાલકો દ્વારા સાંભળવા મળી હતી. જોકે આ વ્યક્તિની સામે સુખસર પોલીસ સ્ટેશનમાં મારામારી, રસ્તો રોકવા બાબતે અનેક ફરિયાદો થઈ ચૂકેલી છે. તેમજ થોડા સમય આગાઉ તપાસ કરવા ગયેલી સુખસર પોલીસને પણ આ વ્યક્તિ દ્વારા મારક હથિયાર બતાવી સામે થવાનો બનાવ પણ બની ચૂકેલો છે. પરંતુ તે બાબતે પોલીસે આંખ આડા કાન કરેલ હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે. ત્યારે આ ઈસમને પોલીસ કયા સંબંધોથી છાવરે છે, તેવી પણ સ્થાનિક લોકો દ્વારા ચર્ચા સાંભળવા મળી રહી છે.

## રાખડીના બે દિવસ પહેલા ફૂડ એન્ડ ડ્રગ વિભાગનું ચેકિંગ, ઘોડા છૂટ્યા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાયો

ગરબાડા,

ગરબાડા નગરમાં આજે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આગામી આવનાર રક્ષાબંધનના તહેવારને લઈને મીઠાઈ અને ફરસાણની દુકાનો પર માવાની મીઠાઈ અને તેલની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી. જોકે રક્ષાબંધનના તહેવારો દરમિયાન બિલાડીની ટોપની જેમ ફૂટી નીકળતી મીઠાઈઓની દુકાનોમાં મીઠાઈઓનું ધુમ વેચાણ થાય છે. આવા સંજોગોમાં કેટલાક લાલચુ વેપારીઓ વધુ નફો રળી લેવાની લાલચમાં ભેળસેળયુક્ત મીઠાઈઓ તેમજ ફરસાણ સહિતની ખાદ્ય વસ્તુઓનું વેચાણ કરતા હોય છે, તેને ધ્યાનમાં લઈ આજે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગરબાડામાં જુદી જુદી ૮ ફરસાણની દુકાનો પરથી તેલ અને માવાની મીઠાઈના ચકાસણી કરી હતી. દુકાનદારો તગડો નફો રળી લેવા


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

માટે ભેળસેલ યુક્ત પદાર્થો વેચી લોકોના સ્વાસ્થ્ય સાથે છેડા કરતાં હોય છે. જેને લઈને આજે ફુડ વિભાગ દ્વારા ગરબાડા નગરમાં જુદી જુદી ફરસાણની દુકાનો ઉપર સર્વે કરીને ખાદ્યચીજો આને તળવાના તેલની ગુણવત્તાની ચકાસણી કરી હતી. ભેળસેળ યુક્ત પદાર્થો વેચતા વેપારીઓમાં ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખની છે કે રાખડીને હવે ગણતરીના બે દિવસો બાકી રહ્યા છે. ત્યારે છેલ્લે છેલ્લે ફડ એન્ડ ડ્રગ વિભાગની નિષ્ફળ કામગીરી અંગે દૈનિક સમાચારોમાં પ્રગટ થયા બાદ સફાળા જાગેલા તંત્રએ ખાનાપૂર્તિ માટે ગરબાડા નગરમાં ચેકિંગ હાથ ધર્યું હતું. પરંતુ ગરબાડા સિવાય અન્ય તાલુકા મથકો તેમજ આંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પણ રાખડી ના તહેવારો દરમિયાન પુષ્કળ પ્રમાણમાં મીઠાઈઓનું વેચાણ થાય છે. અત્યારે બે દિવસમાં આરોગ્ય વિભાગ કેટલા સ્થળે ચેકિંગ કરી નમુના એકત્રિત કરશે તે એક મોટો સવાલ છે. અને આ એકત્રિત કરેલા નમૂનાઓ નો રિપોર્ટ ક્યારે આવશે. તે નમૂનાઓ પથકરણમાં સાચા સાબિત થાય છે કે ભેળસેળ યુક્ત સાબિત થાય છે તે તો પછીનો વિષય છે, પરંતુ કરોડો રુપિયાની મીઠાઈઓ રાખડીના તહેવાર દરમિયાન દાહોદ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા લોકો આરોગી જશે પછી શું.? રાખડીના બે દિવસ પહેલા આરોગ્ય વિભાગ દ્વારા ચેકિંગ એટલે ઘોડા છૂટ્યા બાદ તબેલાને તાળા મારવા જેવા ઘાટ સર્જાયો છે.

## ઝાલોદ નગરમાં રક્ષાબંધન નિમિત્તે રાખડી અને મીઠાઈઓની દુકાનોના વ્યાપારી વર્ગમાં જોવાતો અનેરો ઉત્સાહ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

બહેનો માટે રક્ષાબંધનનો તહેવાર ખૂબ વિશેષ હોય છે, બહેનો ભાઈની રક્ષા અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે રાખડી બાંધી મનોકામના કરે છે. રક્ષાબંધનના તહેવાર અનુરૂપ ઘણી બધી કથાઓ પ્રચલિત છે. તે પૈકી દ્રોપદી એ રક્ષા સ્વરૂપે પાલવ ફાડી કૃષ્ણને બાંધી તે વધુ પ્રચલિત છે.

ઝાલોદ નગરમાં રક્ષાબંધન નિમિતે અવનવી રંગબેરંગી ડિઝાઈનની રાખડીના સ્ટોલ નગરમાં ખૂલી ગયેલ છે. વ્યાપારી વર્ગમાં રાખીના પર્વને લઈ અનેરો ઉત્સાહ જોવા મળી રહેલ છે. નગરમાં રક્ષાબંધનના તહેવારને લઈ નવી નવી ડિઝાઈનની રાખડીઓ લેવા ભીડ જોવા મળી રહેલ છે. તેમજ રક્ષાબંધન પર મિઠાઈના વ્યાપારીઓ પણ માવાનો સ્ટોક કરી નવી નવી વેરાઈટીમાં પેંડાઓની ડિઝાઇન તૈયાર કરવામાં લાગી ગયેલ છે. પેંડા રક્ષાબંધન નિમિતે સહુ થી વધુ વેચાતા જોવા મળે છે.

તહેવારને અનુરૂપ હાલ નગરમાં પણ ચહલપહલ વધી ગયેલ જોવા મળી રહેલ છે. રાખડી, ગિફ્ટ તેમજ મીઠાઈની દુકાનોમાં હાલ વધુ ભીડ જોવા મળી રહેલ છે. બહેન ગમે તેટલી દૂર હોય છતાંય તે રક્ષાબંધનના તહેવારને ઉજવવા તેનાં ભાઈને મળવા અચૂક તેનાં વતને જતી હોય છે. હાલ રક્ષાબંધનના તહેવારને લઈ વ્યાપારી વર્ગ ખુશ જોવા મળી રહેલ છે.

## ઓનલાઈન ઠગાઈનું દુષણ : સસ્તુ મેળવવાની લ્હાયમાં ગાંઠના પૈસા પણ ગુમાવ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના નગરાળા ગામના ૩૫ વર્ષીય યુવકના મોબાઈલ પર મીલેટ્રી ઓફીસર વિરેન્દ્રસિંહના નામથી ટ્રેક્ટર વેચવાનું છે. તેમ જણાવી વાતો કરી તે ઈસમે વિશ્વાસમાં લઈ જુદી જુદી રીતે રૂપિયા ૨.૯૨ લાખ ઉપરાંતની રકમ તેના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી ખોટા નામનો ઉપયોગ કરી છેતરપીંડી, વિશ્વાસઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

નગવાળા ગામના ખેડા ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય બદીયાભાઈ બચુભાઈ પસાયાના ફેસબુકમાં આવેલ ટ્રેક્ટરના ફોટા તેમાં આપેલ મોબાઈલ નંબર ઉપર ટ્રેક્ટર વેચાતું લેવા બાબતે મીલેટ્રી ઓફીસર વિરેન્દ્રસિંગના નામથી તેના મોબાઈલ નંબર પરથી ટ્રેક્ટર રૂપિયા ૧,૬૦,૦૦૦માં વેંચવાનું છે. તેમ જણાવી વાતો કરી વિશ્વાસમાં લઈ બદીયાભાઈ પસાયા જોડે ટ્રેક્ટરના તથા અલગ-અલગ ચાર્જના રૂપિયા ઓનલાઈન ક્યુઆર કોડ, ગુગલ પે તથા ફોન પે તેમજ તેમના એકાઉન્ટ નંબરમાં ટ્રાન્સફર કરાવી ટ્રેક્ટર નહી મોકલાવી બદીયાભાઈ પસાયા પાસેથી રૂા.૨,૯૨,૫૯૮ તથા બીજા તુટક તુટક રૂપિયા ટ્રાન્સફર કરાવી તથા મોબાઈલ નંબર પરથી ફોન કરી ફસાયેલા રૂપિયા કઢાવી આપવાનું જણાવી રૂપિયા ટ્રાન્સફર કરાવી ખોટા નામનો ઉપયોગ કરી બદીયાભાઈ પસાયા પાસે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો હતો. આ સંબંધે ઓનલાઈન ફ્રોડનો ભોગ બનેલ નગરાળા ગામના ખેડા ફળિયાના બદીયાભાઈ બચુભાઈ પસાયાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે ઈપિકો કલમ ૪૦૬, ૪૧૯, ૪૨૦ તથા આઈ.ટી. એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા, ઝાલોદ બંને PI બદલાયા : રણધિકપુર PSI કમાન્ડો ટ્રેનિંગમાંથી પરત આવતા ત્રણ PSI ચાર્જ છોડશે

દાહોદ,

દાહોદ જીલ્લામાં વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા ૧૨ જેટલા પોલીસ અધિકારીઓની જીલ્લા પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાએ વહીવટી કારણોસર બદલીઓનો ગંજીફો ચિપ્યો છે. જેમાં ૨ બિન હથિયારધારી પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ ૧૦ જેટલા સબ પોલીસ ઈન્સ્પેક્ટરોનો સમાવેશ થાય છે. જેના પગલે અમુક પોલીસ મથક ઈન્ચાર્જ થાણા અધિકારીઓના ઘાબા હેઠળ ચાલી રહ્યો હતો તે પોલીસ મથકોમાં પણ કાયમી પોલીસ અધિકારીની નિમણૂક કરી દેવામાં આવી છે.

જીલ્લા પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાએ વહીવટી કારણોસર તેમજ પોલીસ મથકોનું સંચાલન સુપેરે ચાલી રહે તે માટે બે પીઆઇ તેમજ ૧૦ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની આંતરિક બદલીઓના હુકમ ઉપર સહી કરી દીધી છે. જેમાં લીમખેડા ડિવિઝનના પીઆઇ એસ.સી રાઠવાની ઝાલોદ સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ ઝાલોદ સીપીઆઈ તરીકે ફરજ બજાવતા એસ.વી.વસાવાને લીમખેડા પી.આઈ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જોકે આ બંને પીઆઈઓની પરસપરસ બદલીની સાથે ૧૦ જેટલા સબ ઈન્સ્પેક્ટરની પણ બદલી કરવામાં આવી છે. જેમાં સુખસર પોલીસ મથકમાં ફરજ બજાવતી મહિલા પીએસઆઇ શું એમ.કે. પટેલની (AHTU/ મહિલા પોલીસ સ્ટેશન ચાર્જ), દાહોદ ગ્રામ્ય પોલીસ મથકના સેકન્ડ પી.એસ.આઈ જી.બી. ભરવાડની સુખસર પોલીસ મથકમાં પી.એસ.આઇ. તરીકે, દાહોદ મહિલા પોલીસ મથકમાં AHTU તરીકે ફરજ બજાવતી વી. એસ.પાંડવની દાહોદ ગ્રામ્ય પોલીસ મથકમાં સેકન્ડ પી.એસ.આઇ તરીકે, લીમખેડા રીડરમાં એસ.બી રાણાની, સંજેલી ખાલી પડેલા પોલીસ મથકમાં, સાકટાળા પોલીસ મથકના પી.એસ.આઇ જે.બી તડવીની ફતેપુરા, જ્યારે ફતેપુરા પોલીસ મથકમાં ફરજ બજાવતા જી.કે.ભરવાડની સાગટાળા પોલીસ મથક, દેવગઢ બારિયામાં સેકન્ડ પી.એસ.આઇ,ડી.આઇ સોલંકીની પિપલોદ પોલીસ મથકમાં ખાલી પડેલ જગ્યાએ, ચાકલિયા પી.એસ.આઈ આર.જી ચુડાસમાને ધાનપુર મથકમાં બદલી કરવામાં આવી છે જ્યારે ધાનપુરના સેકન્ડ પીએસઆઇ જી.વી ગોહિલની દેવગઢબારિયા સેકન્ડ પી.એસ.આઇ તરીકે, બદલી કરવામાં આવી છે. સિંગવડ પોલીસ મથકના ઈન્ચાર્જ તેમજ ઝાલોદમાં સેકન્ડ પીએસઆઇ તરીકે ફરજ બજાવતા જે.કે. રાઠોડની ચાકલીયા ખાતે બદલી કરવામાં આવી છે. પરંતુ સિંગવડ પોલીસ મથકના પી.એસ.આઇ એમ.એમ. માળી કમાન્ડો ટ્રેનિંગમાં ગયેલા હોવાથી તેઓ પરત આવતા ચાકલિયા,ધાનપુર તેમજ ઝાલોદના પી.એસ.આઇ તેમની બદલી કરેલ જગ્યા ઉપર હાજર થશે.

આમ, પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલાએ વહીવટી કાનોસર બે પીઆઇ તેમજ પીએસઆઇ સહિત ૧૨ જેટલા પોલીસ અધિકારીઓની અરસ પરસ આંતરિક બદલીઓ કરતા ઉપરોક્ત પોલીસ મથકોમાં ફરજ બદલાવતા પોલીસ અધિકારીઓ હવે બદલી કરેલા પોલીસ મથકોમાં ફરજ બજાવશે.

## ગરબાડા તાલુકામાં પખવાડિક ડેન્ગ્યુ મલેરીયા એન્ટીલાર્વલ સર્વેલન્સ કામગીરી કરવામાં આવી



ગરબાડા,

ગરબાડા તાલુકામાં પખવાડિક ડેન્ગ્યુ મલેરીયા એન્ટીલાર્વલ સર્વેલન્સ કામગીરી કરવામાં આવી જેમાં ગરબાડા, ગાંગરડી, જેસાવાડા, અભલોડ જેવા ગામોમાં કુલ ૩૨ ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમોને કુલ ૧૩ તાવ ના કેસો મળી આવેલ હતા.આરોગ્ય વિભાગ ની ટીમ દ્વારા પાણી ભરેલા પાત્રો જેમાં પાણીની ટાંકીઓ,માટલાઓ,વગેરે જેવા કુલ ૫૧૬૭ જેવા પાત્રો તપાસતા જેમાંથી ૫૧ પોઝિટિવ પાત્રો મળી આવ્યા હતા જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.આજ રોજ તારીખ ૨૮ મી ઓગસ્ટ સોમવારના રોજ ગરબાડા તાલુકાના અર્બન વિસ્તાર ગાંગરડી, જેસાવાડા, અભલોડ વગેરે ગામોમાં એન્ટીલાર્વલ કામગીરી કરવામાં આવી.જેમાં જીલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર ઉદય ટિલાવત સર તેમજ જીલ્લા મલેરીયા અધિકારી અતીત ડામોર તેમજ ગરબાડા તાલુકા આરોગ્ય અધિકારી ડો.એ.આર. ડાભી ના માર્ગદર્શન હેઠળ અને એમની સલાહ સૂચન અનુસાર ગરબાડા અર્બન એરિયા, ગાંગરડી, જેસાવાડા, અભલોડ ખાતે પખવાડિક મલેરીયા ડેન્ગ્યુ એન્ટીલાર્વલ સર્વેલન્સ કામગીરી કરવામાં આવી જેનું સઘન સુપરવિઝન તાલુકા મેલ સુપરવાઈઝર કે સી કટારા તેમજ તાલુકા મલેરીયા સુપરવાઈઝર ગોવિંદ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રાવણ મહિનાના સોમવારે ઝાલોદ નગરના શિવ મંદિરોમાં ભક્તો શિવ મંદિરે પૂજા અર્ચના કરવા ઉમટી પડ્યા

ઝાલોદ,

શિવ ભક્તો આમતો શ્રાવણના આખા મહિના દરમ્યાન વિશેષ પૂજા અર્ચના કરતા હોય છે તેમાંય શ્રાવણના સોમવારે મોટા પ્રમાણમાં ભાવિક ભક્તો શિવ પૂજા કરવા મંદિરે ઉમટી પડતાં હોય છે. શ્રાવણનો સોમવાર શિવ ભક્તો માટે વિશેષ આસ્થા ધરાવતું હોય છે. શ્રાવણના સોમવારે શિવ ભક્તો વિશેષ પૂજા અર્ચના કરી ઉપવાસ પણ કરતા હોય છે. શ્રાવણના સોમવાર દરમ્યાન ભાવિક ભક્તો વહેલી સવારથી જ પૂજા અર્ચના કરવા મંદિરે જતા હોય છે. સોમવાર એટલે શિવજીને પૂજન કરવાં માટે વિશેષ દિવસ હોવાથી ભક્તો પોતાની દરેક


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

મનોકામનાઓ પૂર્ણ કરવા વિશેષ પૂજા અર્ચના કરવા મંદિરે ભીડ જામતી જોવા મળતી હોય છે.

નગરના સહુથી જૂના અને પ્રાચીન મંદિર એવા રામદ્વારા મંદિર પર ભગવાન શિવજી ની વિશેષ પૂજા કરવા ભક્તોનો વધું ઘસારો જોવા મળે છે. ભગવાન શિવજી ને એક લોટો પાણી ચઢાવવાથી પણ તેમના વિશેષ આશીર્વાદ મળે છે. ભગવાન શિવને ભજવવા માટે સોમવારના દિવસે વિશેષ પૂજા કરવા માટે પૂજાને લગતી દરેક સામગ્રી ચઢાવી આરતી કરી વિશેષ પૂજા શિવ ભક્તો દ્વારા કરવામાં આવે છે. ભગવાન ભોલેનાથની પૂજા કરવાથી દરેક દંપતી પર શિવજીની કૃપા અને આશીર્વાદ થી દરેક સુખ સમૃદ્ધિ મળે છે. શિવજીની પૂજા કરવા તેમજ તેમને રીઝવવા માટે શ્રાવણ મહિના થી વિશેષ કોઈ મહિનો હોતો નથી તેમાંય સોમવારની પૂજાનું શાસ્ત્રો અને ઋષિ મુનિઓ દ્વારા વિશેષ મહત્વ બતાવવા આવેલ છે. સોમનાથ મહાદેવ મંદિરે આખા શ્રાવણ મહિનામાં ભોલેના ભક્તો માટે વિશેષ ધાર્મિક પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવેલ છે.

## રાજગઢ પોલીસ મથકના પ્રોહિબીશન ગુન્હાના ૪ વર્ષથી વોન્ટેડ આરોપીને SOG પોલીસે હાલોલથી ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકના પ્રોહિબીશનના ગુન્હામાં ૪ વર્ષથી નાસતા ફરતા આરોપી અંગે એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે હાલોલ પોલીસ મથક હદ માંથી ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલસી મથક ખાતે નોંધાયેલ પ્રોહિબીશન ગુન્હાનો આરોપી મુકેશ ખાતરભાઈ નાયક (રહે. મીઠીબોર તા.છોટાઉદેપુર) છેલ્લા ૪ વર્ષથી નાસતો



ફરતો વોન્ટેડ હોય તે આરોપી અંગે એસ.ઓ.જી. પોલસીને બાતમી મળી હતી કે, હાલોલ કાળી ભોય ત્રણ રસ્તા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.07

4
તા.૨૯/૦૮/૨૦૨૩
મંગળવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# નર્મદાનું પાણી સિંચાઈ માટે પંચમહાલ જીલ્લાના ખેડુતોને આપવામાં આવે તેવી માંગ સાથે રેલી યોજી અધિક કલેકટરને આવેદન આપવામાં આવ્યું



## ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ ખેડુતોએ રેલી યોજી આવેદન આપ્યું

ગોધરા, ભારતીય કિસાન સંઘ દ્વારા પંચમહાલ જીલ્લાના ખેડુતો દ્વારા નર્મદાનું પાણી સિંચાઈ માટે પાણી આપવામાં આવે તેવી માંગ સાથે એપીએમસી થી કલેકટર સુધી રેલી યોજી જીલ્લા અધિક કલેકટરને આવેદન આપી રજુઆત કરી.

પંચમહાલ જીલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા ગોધરા, કાલોલ અને ડેસર તાલુકાના ખેડુતોને નર્મદા કેનાલનું પાણી પંચમહાલ જીલ્લાના ખેડુતોને આપવામાં આવે નર્મદા કેનાલનું પાણી પાનમ કેનાલમાં આપવામાં આવે તો ખેડુતોને સિંચાઈનો લાભ મળી શકે છે. પંચમહાલ જીલ્લાના મુખ્ય પાનમ હડફ, કરાડ ડેમોમાં પાણી ન હોવાથી ખાલીખમ હોય ત્યારે નર્મદા કેનાલનું પાણી આપવામાં આવે તો ખેડુતોને સિંચાઈનો લાભ મળી શકે છે. જીલ્લાની જીવાદોરી સમાન પાનમ ડેમ આધારીત ૧૦૦ કિલોમીટર લાંબી પાનમ મુખ્ય કેનાલ દ્વારા જીલ્લા અને વડોદરા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના ખેડુતોને સિંચાઈનું પાણી આપવાની યોજના છે પરંતુ પાનમ મુખ્ય કેનાલના ટેઈલ વિસ્તારના ખેડુતોને સિંચાઈનું પાણી કેટલાય વર્ષોથી મળતું નથી. જેને લઈ ગોધરા તાલુકા, વડોદરાના ડેસર તાલુકા અને કાલોલ તાલુકાના ખેડુતો દ્વારા ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ ગોધરા એપીએમસી ખાતેથી રેલી કાઢી જીલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા અને નર્મદા કેનાલ માંથી પાનમ ડેમમાં પાણી આપવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા અધિક કલેકટરને આવેદન આપ્યું હતું. ખેડુતોની માંગ ન સંતોષાયનો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

## કાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ પદ બીજા તબકકાનો અઢી વર્ષ અનુસુચિત જાતિ મહિલા અનામતને ફળવાતા પ્રમુખ પદના દાવેદારોમાં સોંપો

કાલોલ, કાલોલ તાલુકા પંચાયતની બીજી ટર્મના પ્રમુખપદ માટે અનુસુચિત જનજાતિ મહિલા બેઠકને ફાળે જતા અનામત બેઠક પર વિજેતા બનેલી મહિલા સભ્યોમાં ખુશી છવાઈ હતી. જયારે પ્રમુખપદના સપના જોતા અન્ય સભ્યોમાં સન્નાટો છવાઈ ગયો છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અંતર્ગત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખ–ઉપપ્રમુખના તાજ માટે ગુજરાત સરકારની રોટેશન પદ્ધતિ મુજબ પ્રથમ અઢી વર્ષ માટેની ટર્મ પુરી થતાં બીજા તબકકાના પ્રમુખ–ઉપપ્રમુખની વરણી કરવા માટે રાજય સરકારના ગેજેટ દ્વારા અનામત બેઠકોની ફાળવણી કરતો પરીપત્ર જાહેર કરાયો હતો. જે મુજબ કાલોલ તાલુકા પંચાયતના બાકીના અઢી વર્ષ માટે પ્રમુખ પદ માટે અનુસુચિત જનજાતિ મહિલા બેઠકને ફાળે જતા પ્રમુખપદના સપના જોતા અનેક સભ્યોના સપના તુટી ગયા હતા. કાલોલ તાલુકા પંચાયતની ચુંટણીમાં કુલ ૨૪ બેઠકો પૈકી ૨૨ બેઠકો ભાજપે જીતી હતી. બે બેઠકો પર અપક્ષ ઉમેદવારો વિજેતા થયા હતા. જે મુજબ સ્પષ્ટ બહુમતીને પગલે પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સામાન્ય અનામતના ધોરણે વરણી કરાઈ હતી. જેમની પ્રથમ ટર્મ તા.૧૬ સપ્ટેમ્બરે પુરી થતી હોઈ અને ઉપપ્રમુખ બનવા અનેક સભ્યોએ ધમપછાડા શરૂ કર્યા હતા.

પંચમહાલ જિલ્લાના રોટેશન મુજબ કાલોલ તાલુકાના પ્રમુખ તરીકે પ્રથમ અઢી વર્ષ માટે સામાન્ય પુરૂષોની બેઠકના ધોરણે બીજી ટર્મમાં સામાન્ય મહિલા અનામત ફળવાય તેવી સંભાવનાઓ જોવાતી હતી. હાલ કાલોલ તાલુકા પંચાયતમાં અનુસુચિત જનજાતિ (મહિલા) ઉમેદવારો તરીકે અલવા અને ધુસર બેઠકના મહિલા સદસ્યો હોવાથી હવે આ બે મહિલા સભ્યો વચ્ચે પ્રમુખ પદ માટે ખેંચતાણ રહેશે.ત્યારે આ બેમાંથી કોની વરણી થાય છે તે તરફ સૌની મીટ મંડાયેલી છે.

## શહેરા સહિત જીલ્લાના શિવાલયોમાં શ્રાવણના સોમવારે ભકતોની ભારે ભીડ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા સહીત જીલ્લાના શિવાલયો બમ બમ ભોલેનાથના નાંદ થી ગુંજી ઉઠ્યા હતા. જ્યારે શ્રાવણ માસના બીજા સોમવારે જીલ્લાનું પૌરાણિક મંડેશ્વર મહાદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા આવ્યા હતા.

શહેરા સહીત જીલ્લામાં શ્રાવણ માસના બીજા સોમવારે શિવાલયો બમ બમ ભોલે નાંદ થી ગુંજી ઉઠ્યા હતા. જ્યારે જીલ્લાનું પૌરાણિક સ્વયંભુ મરડેશ્વર મહાદેવ ના દર્શનનું શ્રાવણ મહિનામાં વિશેષ મહત્વ રહેલું હોવા સાથે શ્રાવણ માસનો બીજો સોમવાર હોવાથી અહીં દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો આવ્યા હતા. મરડેશ્વર મહાદેવને બીલીપત્ર અને જળ ચઢાવીને પૂજા અર્ચન કરી હતી. ઓમની પ્રતિકૃતિ સતત ગંગાજળનું વહેણ (જલાધારિ) ધરાવતું અને ૮ ફૂંટ ઉંચાઈ અને ૮ ફૂટ પહોળા અને રૂદ્રાક્ષ જેવી ભાત ધરાવતા મરડેશ્વર મહાદેવના શિવલીંગના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. દૂર દૂરથી તેમજ અન્ય રાજ્ય માંથી પણ આજે મહાદેવના દર્શન કરવા માટે ભક્તો આવ્યા હતા.

## ગોધરા તાલુકાના રીછરોટા ગામે જમીન વેચતા આરોપીઓએ અમને પુછયા વગર કેમ વેચી કહી મારમારતાં ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના રીછરોટા ગામે રહેતા ફરિયાદી રાત્રીના સમયે ઘરમાં પરિવાર સાથે વાતો કરતાં હોય ત્યારે આરોપી ઘરે આવીને અમારા પુછયા વગર જંગલમાં આવેલ જમીન કેમ વેચી તેમ કહી મારમારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના રીછરોટા ગામે રહેતા પ્રવિણભાઈ અનુપભાઈ પરમાર રાત્રીના સમયે ઘરે જમી પરવારી પરિવાર સાથે વાતો કરતા હતા. ત્યારે આરોપી હરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ પરમાર તેમના ઘરે આવ્યો હતો અને અમારા પુછયા વગર જંગલમાં ઓલ રે.સર્વે નં.૨૩૩ વાળી જમીન લાખાભાઈ ભરવાડને કે વેચાણ દસ્તાવેજથી આપેલ છે. તેમ કહેતા પ્રવિણભાઈએ આરોપીને કહેલ છ મહિના પહેલા જમીન વેચવા બાબતે જણાવેલ હતું. ત્યારે અમારી પાસે પૈસાની સગવડ નથી જમીન લેવી નથી તેમ કહેલ ત્યારે આરોપી હરેન્દ્રસિંહ પરમાર, ધર્મેન્દ્રસિંહ પરમાર, નટુભાઈ પરમાર ઉશ્કેરાઈ જઈ લાકડી માથામાં મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## વિશ્વકલ્યાણ માટે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંચમહાલ દ્વારા ગોધરા ખાતે હોમાંત્મક લઘુરૂદ્રનું આયોજન કરાયું



ગોધરા, સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંચમહાલના ઉપક્રમે ગોધરા લાલબાગ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં સમગ્ર વિશ્વના કલ્યાણ માટે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૧૧ જોડા આ લઘુરૂદ્રની પૂજામાં ભગલીધો હતો. જેમાં વહેલી સવારથી પૂજા શરૂ થઈ હતી અને મોડી સાંજે પુર્ણાહુતી કરવામાં આવી હતી. ત્યારબાદ મહાપ્રસાદી લઈ સૌએ જગતના કલ્યાણની પ્રાર્થના ભગવાન બોલેનાથને કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવા માટે પંચમહાલ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ કાર્તિકભાઈ ત્રિવેદી, મહામંત્રી કૃણાલભાઈ ત્રિવેદી, પ્રકાશભાઈ દિક્ષિત, હાલોલ બ્રહ્મ સમાજના અર્પિતભાઈ, યુવા મોરચાના રવિભાઈ પંડ્યા, વિનાયકભાઈ શુક્લ તેમજ મહિલા મોરચાના કાશ્મીરાબેન પાઠકએ ભારે મહેનત કરી હતી.


ઘોઘંબા તાલુકા કચેરી ખાતે ૧૨૭ કાલોલ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના સુપુત્ર વિશ્વજીતસિંહ ચૌહાણ સાથે જીલ્લા યુવા મોરચાના પ્રમુખ નિર્મિતભાઈ દેસાઈ, જીલ્લા યુવા મોરચાના પ્રભારી યોગદીપસિંહ શુભેચ્છા મુલાકાત લીધી હતી.


ગોધરામાં અંકલેશ્વર મહાદેવ મંદિરમાં શિવભક્તોએ ચંદ્રયાનનો દર્શન કરાવતી પ્રાકૃતિક તૈયાર કરી. વૃષબ પટેલ અને તેઓના મિત્રો દ્વારા શ્રાવણ માસના બીજા સોમવારે મહાદેવ મંદિરમાં શિવલિંગ ઉપર ચન્દ્રયાન તૈયાર કર્યો.

## પાવાગઢમાં રોપ-વે સેવા બંધ રહેતા દર્શનાર્થીઓ અટવાયા

હાલોલ, યાત્રાધામ પાવાગઢ ખાતે રવિવારે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં યાત્રાળુઓ પાવાગઢથી માંચી તરફ માતાજીના દર્શને પહોંચ્યા હતા. રોપ–વેનો ઉપયોગ કરી માંચીથી ડુંગર પર પહોંચવા માટે યાત્રાળુઓ વહેલી સવારથી જ લાંબી કતારોમાં લાગ્યા હતા. અચાનક રોપ–વે સેવા બંધ કરી દેવાની અને પુનઃ બપોર બાદ શરૂ કરવામાં આવશે. તેવી કંપની દ્વારા જાહેરાત કરવામાં આવતા યાત્રાળુઓને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. ઉષા બ્રેકો કંપની દ્વારા ઉપર જતા યાત્રાળુઓ માટે રોપ–વે બંધ કરી દેવાતા પુનઃ એકવાર ચાલતી સર્વિસની કામગીરી ઉપર સવાલો ઉઠવા પામ્યા છે. વાતાવરણ સ્વચ્છ હોવા છતાં રોપ–વે બંધ કેમ કરવી પડી એ અંગે ઉષા બ્રેકો કંપનીના મેનેજર સાથે વાત કરતા તેઓએ રોપ–વે સેવા ચાલુ હોવાનુ રટણ ચાલુ રાખ્યુ હતુ. હકીકતમાં હાલ જે ડુંગર ઉપર પહોંચેલા યાત્રાળુઓ છે તેઓને જ માત્ર નીચે ઉતારવાની કામગીરી કંપની દ્વારા કરવામાં આવી રહી છે. જે યાત્રાળુઓ નીચેથી ઉપર જવા માટે કલાકોથી લાઈનોમાં ઉભા રહ્યા હતા. તેઓ રોપ–વે દ્વારા ઉપર નહિ જઈ શકે તેવી જાહેરાત કરી હતી. તે અંગે મેનેજર કોઈ જવાબ આપી શક્યા ન હતા. બે દિવસ પહેલા જ રોપ–વે સેવાનો કેબલ પોલ ઉપરની ગરગડીયા તેમાંથી ઉતરી જતા મોટી દુઘર્ટના સર્જાતા રહી ગઈ હતી. રોપ–વે બંધ થતાં યાત્રાળુઓ એક કલાક સુધી ટોલીઓ લટકતા રહ્યા હતા. જોકે ટેકનીકલ ક્ષતિ દુર કરાતા એક કલાક બાદ યાત્રાળુઓ માંચી ઉતર્યા હતા. ત્યારબાદ રવિવારે પુનઃ એક વાર કંપનીએ રોપ–વે સેવા બંધ કરી દેતા દર્શનાર્થીઓ પગપાળા મહાકાળી માતાજીના દર્શને પહોંચ્યા હતા. તો કેટલાક યાત્રાળુઓ માતાજીના દર્શન કર્યા વગર જ ડુંગર પરથી પરત નીચે ઉતર્યા હોવાની વિગતો જાણવા મળી છે.

## ઘોઘંબા તાલુકા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા મામલતદાર કચેરી ખાતે વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, પંચમહાલ જીલ્લા યુવા મોરચાના પ્રમુખ નિર્મિતભાઈ દેસાઈ, જીલ્લા યુવા મોરચાના પ્રભારી યોગદીપસિંહ, જીલ્લા યુવા મોરચાષના ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ, ઘોઘંબા તાલુકા પ્રમૂખ ગુણવંતસિંહ ગોહિલ, ભીખાભાઈ સોલંકી, ઘોઘંબા તાલુકા યુવા મોરચાના પ્રમુખ નરેન્દ્રભાઈ પરમાર અને ઘોઘંબા તાલુકા યુવા મોરચાના તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## હાલોલના મોટી ઉભરવાણ ગામે બર્ગમેન ગાડી માંથી ૩૩ હજારના દારૂ સાથે એક આરોપીને ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના મોટી ઉભરવાણ ગામે બર્ગમેન ગાડીમાં લઈ જવાતા ઈંગ્લીશ દારૂ ગાડી અને મોબાઈલ મળી કુલ ૫૪,૬૦૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાઈ જવા પામ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના મોટી ઉભરવાણ ગામ પાસે પાવાગઢ પોલીસના પેટ્રોલીંગ દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતી બર્ગમેન ગાડી નં.જીજે.૬.એનએસ.૭૯૩૪ને રોકી હતી અને ચેકીંગ દરમિયાન વિમલના થેલામાં રાખેલ ઈંગ્લીશ દારૂ કવાટરીયા નંગ–૩૩૬ કિંમત ૩૩,૬૦૦/–રૂપીયા, બર્ગમેન ગાડી, મોબાઈલ ફોન–૧, મળી કુલ ૫૪,૬૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે સુનિલભાઈ ભારતભાઈ રાઠવાને ઝડપી પાડી આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના દાહોદ-વડોદરા બાયપાસ હાઈવે ગદુકપુર ગામ પાસે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલકનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના દાહોદ–વડોદરા બાયપાસ હાઈવે રોડ ઉપર ગદુકપુર પેટ્રોલ પંપ પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને અડફેટમાં લઈ ચાલકને ઈજાઓ પહોંચાડતા મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના દાહોદ–વડોદરા બાયપાસ હાઈવે રોડ ઉપરથી પસાર થતા અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી જતો હોય આ વાહન ચાલકે બાઈક નં. જીજે.૧૭.સીવી.૫૬૫૨ને ટક્કર મારી ચાલકને માથા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાત મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે મહેંદી હરીફાઈ યોજાઈ




ગોધરા, ભાઈ બહેનોના પવિત્ર પ્રેમ રક્ષાબંધનના તહેવાર નિમિત્તે કોલેજના C.W.D.C.અને સપ્તધારા અંતર્ગત કલા કૌશલ્ય ધારા હેઠળ સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરા ખાતે કોલેજના સદાબા હોલમાં મહેંદી હરીફાઈ રાખવામાં આવી હતી. જેમાં ૪૨ બહેનોએ ભાગ લીધો હતો. અલગ અલગ પ્રકારની મનમોહક મહેંદી મૂકી બહેનોએ પોતાની કલા પ્રદર્શિત કરી હતી. સ્પર્ધાના નિર્ણાયક અને સીડબ્લ્યુડીસીના કન્વીનર ડો. સ્નેહાબેન વ્યાસ તથા ડો. વીણાબેન એમ.પટેલ દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા નિભાવી છેવટે ત્રણ સ્પર્ધકોને ઈનામ માટે પસંદ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે હેતવી ખરાદી, દ્વિતીય ક્રમે શેખ આફરીન તથા તૃતીય ક્રમે ચૌધરી સીમા જેઓને CWDC તરફથી અનુક્રમે રૂપિયા ૩૦૧, ૨૫૧ અને રૂપિયા ૨૦૧ રોકડ ઈનામ કોલેજના પ્રિન્સિપાલ ડો.અરૂણસિંહ સોલંકીના હસ્તે આપવામાં આવ્યા હતા. જ્યારે સ્પેશિયલ ઈનામ તરીકે ૧૦૧–૧૦૧ રૂપિયા કુ. વીણા પટેલ તથા કુ. ખુશ્બુ હરવાણીને આપવામાં આવ્યું હતા. કુ. નિશી શાહ તથા કુ.માનસી ખરાદીએ સુંદર સહકાર પૂરો પાડ્યો હતો. આ પ્રસંગે ખાસ પ્રોફેસર અજીતસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## દહીકોટ ગામેથી ઘર માંથી ૧.૨૯ લાખ રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો

ગોધરા, ગોધરા તાલુકાના દહીકોટ ગામે રહેતા ઈસમ ઇંગ્લીશ દારૂનો જથ્થો લાવી વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઇંગ્લીશ દારૂનો ૧.૨૯ લાખનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના દહીકોટ ગામે ડુંગર ફળીયામાં રહેતા નરેન્દ્રભાઈ ઉર્ફે નંદુ દિપસિંહ પટેલ પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ રોયલ બલ્યુ મલ્ટ વ્હીસ્કીના પ્લાસ્ટીક કવાટરીયા નંગ–૧૨૯૬ કિંમત ૧,૨૯,૬૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપી નરેન્દ્રભાઈ ઉર્ફે નંદુ દિપસિંહ પટેલને ઝડપી પાડવામાં આવ્યો.

## ચંદ્રયાન-૩ ની સફળતામાં ઝાલોદ નગરના ગરાડું ગામના અશોક મુનિયાનું કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ દ્વારા સન્માન કરવામાં આવ્યું

ઝાલોદ, નગરની મ.યુ.કોઠારી સ્કૂલમાં પાંચ થી સાત અને બી.એમ.હાઈસ્કૂલમાં આઠ થી દસ સુધીનો અભ્યાસ કરનાર તેમજ ચંદ્રયાન–૩ ની સફળતાના ટીમ વર્કમાં ભાગ ભજવનાર અશોક મુનિયાનું સન્માન કરાયું.

ઝાલોદ નગરથી આસરે ચાર થી પાંચ કિલોમીટર દૂર ગરાડું મુકામના વતની તેમજ ગરાડું ગામમાં પ્રાથમિક ૧ થી ચાર સુધીનું શિક્ષણ મેળવનાર અશોક પરસોતમ મુનિયા જેમણે ચંદ્રયાન–૩ ના સફળ લેન્ડિંગમાં મહત્વનો ભાગ ભજવેલ હતો. તેમજ તેમણે ઈસરો સાથે સારા ટીમવર્ક સાથે જોડાઈ દેશનું, નગરનું, સમાજનું નામ રોશન કરેલ હતું. અશોક મુનિયા ચંદ્રયાન–૩ ની સફળતા સાથે જોડાયેલ હોવાના સમાચાર મળતાં તેમના ગામમાં અભિનંદન આપવા લોકો ઉમટી પડેલ હતા અને સહુ ગામ અને નગરના લોકો પોતાના ગામના નાગરિક એવા અશોક મુનિયા પર ગર્વ અનુભવ કરતા હતા.

ઝાલોદ નગરની કેળવણી મંડળ સંચાલિત શાળા દ્વારા અશોક મુનિયાને સન્માન કરવા આમંત્રણ આપ્યું હતું. અશોક મુનિયા ૫ થી ૭ મ.યુ.કોઠારી શાળામાં અને ૮ થી ૧૦ બી.એમ.હાઈસ્કૂલમા અભ્યાસ કરેલ હતો તેથી શાળાનું આમંત્રણ મળતા જૂની યાદો વાગોળવા તેમજ તેમના સ્કૂલ સમયના શિક્ષકોની મુલાકાત લેવા આવી પહોંચેલ હતા. કેળવણી મંડળ તેમજ સ્કૂલના સહુ શિક્ષકગણ દ્વારા તેમનું શાલ તેમજ પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત શિક્ષકો દ્વારા નગરની સ્કૂલ માંથી ભણી ચંદ્રયાન–૩ ના સફળ લેન્ડિંગ જેવી મહત્વ પૂર્ણ ભૂમિકામાં ભાગ ભજવનાર અશોક મુનિયા પર ગર્વ કરી શબ્દો રૂપી તેમનું સન્માન કરેલ હતું.

## શહેરાના ડોકવા ગામે તળાવ ઉંડુ કરતા એક વર્ષ ચાલે તેટલા પાણીનો સંગ્રહ થયો

ગોધરા, પંચમહાલ જિલ્લાના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં તળાવો ઉંડા કરવાથી જિલ્લાના આંતરિયાળ ગામોના તળાવમાં વરસાદી પાણીનો સંગ્રહ થયો છે. શહેરા તાલુકાના ડોકવા તળાવ સુજલામ સુફલામ યોજના હેઠળ તળાવ ઉંડુ કરાયુ હતુ. છેલ્લા ૨૫ વર્ષથી તળાવમાં પાણીનો સંગ્રહ થતો ન હતો. છેલ્લા વર્ષે તળાવ ઉંડુ કર્યા બાદ આખા વર્ષ ચાલે તેટલા પાણીના જથ્થાના પાણીનો સંગ્રહ થયો છે. ડોકવા ગામના સરપંચે જણાવ્યુ હતુ કે., આ યોજના અમારા ગામે માટે આર્શિવાદ સમાન બની છે. અમોને ૧૨ મહિના સુધી પાણી ખુટે નહિ તેટલો પાણીનો જથ્થો ભરાયો છે. તેમજ પંચમહાલ જિલ્લાના તળાવો ઉંડા કરાતા તળાવોમાં ૨ થી ૩ માસ ચાલે તેટલા પાણીને બદલે હવે તળાવોમાં ૧૦ થી ૧૨ માસ ચાલે તેટલુ પાણી ભરાતા આસપાસના જમીનોના પાણીના સ્તર ઉંચા આવ્યા છે.